જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૩૦-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રામ મંદિર મુદ્દે કેન્દ્ર સુપ્રીમના દ્વારે, બિન-વિવાદિત જમીન માગી

ન્યુ દિલ્હી

મોદી સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને વિવાદાસ્પદ જમીનને રામજન્મભૂમિ ટ્રસ્ટને સોંપવાની માંગ કરી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને કહ્યું છે કે, અયોધ્યામાં વિવાદિત સ્થળે જે હિન્દુઓને જમીન આપવામાં આવી છે, તેને રામભૂમિ ટ્રસ્ટને સોંપવાની અને બિન-વિવાદીત જમીનને ભારત સરકારને સોંપવાની માંગ કરી છે. જસ્ટિસ બોબડેનાં રજા પર ઉતરવાને કારણે મંગળવારે થનારી સુનાવણી ટળી છે. મોદી સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, અયોધ્યામાં હિન્દુઓને જે હિસ્સો આપવામાં આવ્યો છે તેને રામભૂમિ ટ્રસ્ટને સોંપી દેવામાં આવે. આ ઉપરાંત ૨.૭૭ એકર ભૂમિનો થોડો હિસ્સો ભારત સરકારને પરત કરવાની માંગ કરી છે. અયોધ્યામાં રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીનનાં આસપાસની આશરે ૭૦ એકર જેટલી જમીન કેન્દ્ર સરકાર પાસે છે. જેમાં ૨.૭૭ એકરની જમીન પર અલ્હાબાદ હાઈકોર્ટ નિર્ણય કરી ચુકી છે જેમાથી ૦.૩૧૩ એકરની જમીન પર વિવાદ ચાલી રહ્યો છે. સરકાર પ્રમાણે, આ જમીનને છોડી બાકીની જમીન ભારત સરકારને સોંપવામાં આવે.



૨૯ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટેની રામ મંદિર કેસની સુનાવણી ટળી હતી. સુપ્રીમ કોર્ટમાં આ મામલાની સુનાવણી ૫ જજોની બેંચ કરી રહી છે. જેમાં ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ અબ્દુલ નજીર, જસ્ટિસ એસ.એ બોબડે અને જસ્ટિસ ડી.વાઈ ચંદ્રચૂડ સામેલ છે. મહત્વનું છે કે, લોકસભા ચૂંટણી પહેલા રામ મંદિરનો મામલો જોર પકડી રહ્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ સહિત તેમના અન્ય સંગઠનો દ્વારા સતત મોદી સરકાર પર મંદિર નિર્માણ માટે દબાણ કરવામાં આવી રહ્યુ છે. ૧૯૯૩માં કેન્દ્ર સરકારે અયોધ્યા અધિગ્રહણ એક્ટ હેઠળ વિવાદાસ્પદ સ્થળ અને તેની આજુ-બાજુની જમીનને સંપાદન કરી લીધી હતી અને પહેલાથી જમીન વિવાદને લઈને દાખલ કરવામાંઆવેલી તમામ અરજીને સમાપ્ત કરી દીધી હતી. સરકારના આ પગલાને સુપ્રીમમાં પડકારવામાં આવ્યું હતું. ત્યારે સુપ્રીમ કોર્ટેઈસ્માઈલ ફારુખી ચુકાદામાં ૧૯૯૪માંતમામ દાવેદારી વાળી અરજીને પુનઃ સ્થાપિત કરવામાંઆવી હતી અને જમીનને કેન્દ્ર પાસે રાખવા જણાવ્યું હતું. કોર્ટે આદેશ આપ્યો હતો કે જેની તરફેણમાં ચુકાદો આવે તેને જમીન આપવામાં આવશે. રામલલા વિરાજમાનના તરફથી ઓન રેકોર્ડ એડવોકેટ વિષ્ણુ જૈને જણાવ્યું હતું કે, ફરીથી કાયદો લાવવા પર કોઇ રોક નથી પરંતુ તેને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય છે.

વિકાસ નહીં વિનાશની રાજનીતિ કરે છે ભાજપ:રેશ્મા પટેલ

૨૦૧૯ માં ભાજપ નો ખેસ પહેરીને તેમની વિરુદ્ધ કરશે પ્રચાર!?

અખલાકએહમદભાભા

જૂનાગઢ જિલ્લો


૨૦૧૭ માં ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ માં જોડાયેલા પાટીદાર આંદોલનકારી રેશ્મા પટેલે રૂપાણી સરકાર સામે આકરા આક્ષેપો કર્યા છે.રેશ્મા પટેલે કહ્યું હતું કે , ભાજપ વિકાસસવાદ અને રાષ્ટ્રવાદ ની વાત કરી રહી છે એવાજ કામથી પ્રેરાઈને ભાજપ નો આ ખેસ ધારણ કર્યો હતો.વિધાનસભા ચૂંટણી માં પાર્ટી ને જીતાડવામાં તમામ પ્રયાસો પણ કર્યા.લોકોના પડતર પશ્નોનુ સમાધાન થશે અને ખાસ કરીને પાટીદાર અમાનત આંદોલનમાંથી અમે આવ્યા છે તે પાટીદાર સમાજ ની માગણીઓ નું સમાધાન થશે તેવી લાગણી અમને ચોક્કસ હતી.પરંતુ બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે ભાજપ વિકાસની રાજનીતિ નહીં પરંતુ વિનાશ ની રાજનીતિ કરી રહી છે.જૂથ અને ભ્રમની રાજનીતિ ભાજપ કરી રહી છે.મહિલાઓ,ખેડૂતો, વિદ્યાર્થીઓ કે શોષિતવર્ગ હોય દરેક ના માથા પર માત્ર વોટબેંકની રાજનીતિ થઈ રહી છે.



રેશમા પટેલે વધુમાં કહ્યું કે,હું ઘણી માંગણીઓ લઈને સરકાર સામે પત્ર અને મૌખિક રજુઆત કરી રહી છું પણ તેમાં લાંબા સમય થી કોઈ સકારાત્મક પરિણામ નથી.મેં મુખ્યમંત્રી ને પત્ર લખી રજુઆત કરી છે જેના મુખ્ય પાંચ મુદ્દાઓમાં સૌથી મહત્વ નું છે કે પાટીદાર અનામત આંદોલન માં શહીદ થયેલા પરિવારો ને સરકારી નોકરી મળે પણ તેમાં સરકાર તરફથી કોઈ સકારાત્મક જવાબ મળ્યો નથી.આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષા માટેની વયમર્યાદા ૩૫ થી વધારી ને ૪૦ વર્ષ કરવામાં આવે,સ્પર્ધાત્મક પરીક્ષા આપી રહેલા બિન અનામત ઉમેદવારો પાસેથી પણ ફીના પૈસા ન લેવા માં આવે જેવી માંગણીઓ પણ સરકાર પાસે વારંવાર કરવામાં આવી છે.બિન અનામત આયોગ અને નિગમની રચના થઈ ગઈ છે પરંતુ તેમાં પણ ત્રુટીઓ છે.સિસ્ટમ હજુ વ્યવસ્થિત નથી.રેશમા પટેલ ને સરકાર તરફથી મળેલા વળતા પત્ર વિશે તેમણે જણાવ્યું કે,આ બધી માંગણીઓ ના ઉકેલ ને બદલે મને પત્ર મળે છે કે જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પત્રમાં મેં આંદોલનની ચીમકી આપી છે તો હું આવું પગલું ન ભરું તે માટે કહેવામાં આવ્યું છે કે અરજદાર આંદોલન નું પગલું ન ભરે તે માટે સમજ આપવી, એટલે મારે પોલીસ સમક્ષ જવાબ આપવો પડ્યો છે.આ જવાબ થી હું ખૂબ જ નારાજ છું. મને આંદોલન ન કરું તેવી સલાહ ન આપો.ભાજપ નો આ ખેસ પણ આંદોલનો ન છીનવી શકે.મુદ્દાઓ આપવાને બદલે મને આવા પ્રકાર ની સલાહ આપવામાં આવે છે.રેશમા પટેલે વધુ માં કહ્યું કે ૨૦૧૭ વિધાનસભા માં જીત મેળવવા માટે ભાજપે ખોખલા વાયદાઓ કર્યા.સરકાર દ્વારા આ માંગણીઓ નો જલ્દી ઉકેલ લાવવા માં નહી આવે તો અમે ઉગ્ર આંદોલન કરીશુ.૨૦૧૯ની લોકસભા ચૂંટણી માં ભાજપ નો ખેસ પહેરીને અમે ગામે-ગામે જઈને ભાજપ નો સાચો ચેહરો ઉજાગર કરીશુ.ભાજપ ની નીતિ અને વચનો ના વિરોધ માં પ્રચાર કરીશુ તેમ જણાવ્યું હોવાનું જાણવા મળે છે

અત્રે એ ઉલ્લેખનીય છે કે રેશમા પટેલે આમ ચીમકી ઉચ્ચારી ભાજપ મોવડી મંડળ પર ભીસ વધારી અન્ય ટિકિટ મેળવવા જેવા ફાયદા તો નથી વિચારી રહ્યાનો ગણગણાટ પણ પાટીદાર આંદોલનકારીઓ માં ફેલાયો હોવાનું ચર્ચાય છે!

પૂર્વ રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાંડિસનું ૮૮ વર્ષની ઉંમરે નિધન, પીએમએ દુઃખ વ્યક્ત કર્યું



ન્યુ દિલ્હી

સમતા પાર્ટીના સંસ્થાપક અને દેશના પૂર્વ રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસનું ૮૮ વર્ષે નિધન થયું છે. તેઓને કેટલાંક દિવસથી સ્વાઈન ફ્લુ હતો. આ ઉપરાંત તેઓ છેલ્લાં કેટલાંક સમયથી બીમાર પણ હતા. તેઓ અલ્ઝાઈમર્સથી પીડિત હતા. તેથી તેઓને કંઈ યાદ રહેતું ન હતું પરિણામે તેઓ સાર્વજનિક જીવનથી દૂર હતા. જ્યોર્જ ફર્નાન્ડિસે રાજધાની દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા.

પૂર્વ રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસનું ભારતીય રાજનીતિમાં ઐતિહાસિક યોગદાન રહ્યું છે, તે પછી રક્ષા ક્ષેત્રે ઉઠાવેલાં મોટાં નિર્ણયો હોય કે ઈમરજન્સી દરમિયાન ઉઠાવેલાં મુદ્દાઓ. જ્યોર્જ ફર્નાન્ડિસ હંમેશાથી આગળ રહીને જ નેતૃત્વ કર્યું છે. પૂર્વ રક્ષા મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસ ૧૯૭૪માં ઓલ ઈન્ડિયા રેલવેમેન ફેડરેશનના પ્રમુખ હતા ત્યારે તેઓઓ ઐતિહાસિક રેલવે સ્ટ્રાઈક કરી હતી જેને સરકારની ઘણી જ મુશ્કેલી વધારી હતી. વડાપ્રધાન મોદીએ જ્યોર્જ ફર્નાન્ડિસના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેઓએ ટ્વીટ કરી લખ્યું કે, ×જ્યોર્જ સાહેબ ભારતના બેસ્ટ રાજનીતિક લીડરશિપની આગેવાની કરી, તેમનું યોગદાન ઘણું જ મહત્વનું રહ્યું છે.× વડાપ્રધાન ઉપરાંત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ જ્યોર્જ ફર્નાન્ડિસના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

MARKET4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવાશે જશો, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મેમ્બરી આવના કમીશન પેટામાંથી

(PLAN - A)
બાકીના ૫૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે જાહેરાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે જાહેરાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રાણપુરમાં સરપંચ દ્વારા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનુ સ્વાગત કરાયુ



બોટાદ જીલ્લાના રાણપુરના સરપંચ અબ્બાસભાઈ ખલાણી એ ગુજરાત રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સુરત ખાતેથી ટ્રેનમાં પ્રવાસ કરી રાણપુર રેલ્વે સ્ટેશને ઉતરતા તેમનુ રાણપુર સરપંચ દ્વારા ફુલહાર થી સ્વાગત કરવામાં આવ્યુ હતુ

રાણપુરની મુખ્યકુમાર શાળા નં-૨ ખાતે રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી કરવામાં આવી



બોટાદ જીલ્લાના રાણપુરમાં મુખ્યકુમાર શાળા નં-૨ ખાતે રાષ્ટ્રીય મતદાર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી શાળાના આચાર્ય કાદરભાઈ કોઠારીયાએ શાળાના બાળકોને રાષ્ટ્રીય મતદાર દિવસની મહત્વની જાણકારી આપી હતી.નવીનભાઈ ગામિતે બાળકોને મતદાન વિષે પ્રતિજ્ઞા લેવડાવી હતી ત્યારબાદ રાણપુરના જાહેર રસ્તાઓ ઉપર શાળા પરિવાર અને બાળકો દ્વારા ગામના મતદારોને જાગૃત કરવા રેલી કાઢવામાં આવી હતી.જેમાં મતદાન અવશ્ય કરો,૧૦૦ ટકા મતદાન કરો,મતદાન મારો અધિકાર,મતદાન લોકશાહીનો પ્રાણ છે એવા સુત્રો રાણપુરની બજારોમાં ગુંજ્યા હતા આ રેલી રાણપુર તાલુકા પંચેયત કચેરીએ પહોચતા રાણપુર તાલુકાવિકાસ અધિકારી મિહિકાબેન પરમાર,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રવિણસિંહ મોરી,નાયબ તાલુકાવિકાસ અધિકારી આર.એમ.પટેલ,ડેલીગેટ મનહરભાઈ પંચાળા, વિસ્તરણ અધિકારી એમ. જ. કુરેશી, બી. આર. સી. કો. ઓ. બાબુભાઈ જમોડ, એકાઉન્ટર પઢીયારભાઈ, હસમુખભાઈ બાવળીયા, સુરેશભાઈ પટેલ, સી. ડી. પી. ઓ. રાગિણીબેન પટેલ, આંગણવાડી સુપરવાઈઝર રેહાનાબેન તથા અવનીબેન અને અન્ય કર્મચારીઓ દ્વારા રેલીને ભવ્ય આવકાર આપ્યો હતો રેલીની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી આ પ્રકારના આયોજન થી મુખ્યકુમાર શાળા નં-૨ ને વેપારીઓએ શાળા પરિવાર ને અભિનંદન પાઠવ્યા હતા

રેલવે ટ્રેકથી સિંહોને નુકસાન ન થાય તેવી અદ્યતન ટેક્નોલોજી વાપરો : હાઈકોર્ટ

અમદાવાદ

ગીર અભ્યારણ વિસ્તારમાં સિંહોના અકાળે મોતનો મામલે હાઈકોર્ટના નિર્દેશ મુજબ કામગીરીને લઈને રેલવે વિભાગ અને સરકાર તરફ થી કોર્ટમાં દલીલ થઈ હતી. આ મામલે સિંહોના થયેલા મૃત્યુ વિશે રેલવે વિભાગ અને રાજ્ય સરકાર તરફથી જવાબો રજુ કરાયા હતા. જેમાં ખાસ કરીને રેલવે ટ્રેક સિંહો માટે નુકસાનકારક છે કે કેમ? તે અંગેની માહિતી કોર્ટ મિત્ર રજૂ કરશે.

આ મામલે હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, રેલવેલાઈન વન્ય વિસ્તારમાંથી પસાર થતી હોય તો સિંહો માટે તે બીન નુકસાનકાર હોવી જોઈએ. હાઈકોર્ટે ટકોર કરી હતી કે રેલવે ટ્રેકથી સિંહોને નુકશાન ન થાય તે માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ સરકારે કરવો. આ કેસમાં સામા પક્ષે રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે

સ્થાનિક ખેડૂતો અને ફોરેસ્ટ અધિકારીઓના લીધે સિંહોની સંખ્યા છેલ્લા કેટલાક વર્ષોમાં ૫૦ થી વધીને ૫૦૦ સુધી પહોંચી ગઈ છે. આ કેસની આગામી વધુ સુનાવણી ૦૭મી ફેબ્રુઆરીએ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાંજ રેલવે ટ્રેક નજીકથી પસાર થતા સિંહના બચ્ચા સહિત સિંહણ ટ્રેન સાથે અકસ્માતનો ભોગ બનતા મૃત્યુ પામી હતી. રાજુલા અને આસપાસના વિસ્તારમાં પાછળા અમુક સમયમાં ટ્રેન સાથે ટકરાતા સિંહોના મૃત્યુ થવાની ઘટનાઓ ઘટી છે, ત્યારે સિંહોના સંવર્ધન માટે હાઈકોર્ટે સરકારને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું સૂચન કર્યુ હતું.

શિક્ષણના લાભાર્થે કરાયું ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



ક્ષત્રિય રાજપુત સમાજ રાપર દ્વારા સંચાલિત પ્રગતિ વિદ્યામંદિર ખાતે બે દિવસનું ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું હતું..આ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ભીમાસર, પલાંસ્વા, કિ.નગર, બેલા, ગેડી, રાપર, વાપી વલસાડ, સણવા, બરોડા, મુંબઈ, સુરત, ગાંધીધામ, સામખીયાળી એમ મળીને કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો.તો આ ટુર્નામેન્ટમાં સેમિફાઈનલ માં ભીમાસર, ગેડી, કિ.નગર અને મુંબઈ ની ટિમો વચ્ચે રમવામાં આવી હતી...અને જ્યારે ફાઈનલ મેચ ભીમેશ્વર ઈલેવન ભીમાસર અને કે.એન.રોયલ મુંબઈ વચ્ચે રમવામાં આવી હતી..જેમાં કે.એન.રોયલ મુંબઈની ટીમનો ૧ રને વિજય થયો હતો..ફાઈનલ મેચે બહુજ આકર્ષણ જમાવ્યું હતું. તો બેસ્ટ બેટસમેન અને મેન ઓફ ધ સિરીઝ તરીકે ભીમેશ્વર ઈલેવન ભીમાસરના ખેલાડી બળદેવસિંહ પરમાર અને બેસ્ટ બોલર તરીકે રોહનસિંહ સેલોત દ્વારા સારું પરફોર્મન્સ કરવામાં આવ્યુ હતું. તો આ ક્રિકેટ ટુર્નામેન્ટ ના કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લક્ષ્મણસિંહ સોઢા,રાપર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ડાયાભાઈ વાઘાણી, ઉપપ્રમુખ શ્રી હમીરજી સોઢા,રાપર તાલુકા ભાજપના પ્રમુખ શ્રી ડોલરરાય ગોર, રાપર તાલુકા યુવા ભાજપના પ્રમુખ શ્રી વિશાલસિંહ મકવાણા,તાલુકા વિકાસ અધિકારી,રાપર તાલુકા ભાજપના મહામંત્રી મોહનભાઈ બારડ, રાપર તાલુકા કોંગ્રેસના પ્રમુખ બહાદુરસિંહ પરમાર , જિલ્લા પંચાયત ના સદસ્ય અજીતસિંહ પરમાર, તાલુકા પંચાયતના સદસ્ય લખમણસિંહ સોલંકી , ભીખાભાઈ ચાવડા,રાપર તાલુકા રાજપૂત સમાજ ના પ્રમુખ શ્રી કુંભાભાઈ સેલોત,ભીમજીભાઈ પરમાર,પ્રગતિ વિદ્યા મંદિરના ટ્રસ્ટી શ્રી કાનજીભાઈ ગોયલ,વણવીરજી પરમાર, બળદેવસિંહ,મોમાયાજી ચૌહાણ,સામતસિંહ ખોડ,મહાદેવભાઈ રાઠોડ,પરબતભાઈ રાપર તાલુકા રાજપુત સમાજના સરપંચ શ્રી રમેશભાઈ ખોડ, સંકેતજી સેલોત , દિલીપભાઈ જાદવ,દેવરાજભાઈ વાઘાણી,મનસુખભાઈ મકવાણા,ભીખુભાઈ સોલંકી,દેવાજી ડોડીયા, મહાદેવભાઈ પરમાર વડીલો શ્રી મેઘજીભાઈ પરમાર, વજાજી સોઢા,રામજીભાઈ સોલંકી,બળવંતભાઈ મકવાણા,હસમુખભાઈ સિંધવ,કમલેશસિંહ ચાવડા,ગોપાલસિંહ પઢીયાર, સાવનસિંહ, રામભાઈ, લાભુભાઈ, વેલજીભાઈ, સુરેશભાઈ, ભરતભાઈ, કાન્તીભાઈ અને રાપર રાજપુત સમાજના ચોવીસ ગામના પ્રમુખો , યુવાનો અને વડીલો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.કાર્યક્રમનું સમગ્ર સંચાલન રતનેશ્વર યુવા ગ્રુપ રાપર, મોમાયાભાઈ, જેમલભાઈ ,નવિનભાઈ, સુખદેવસિંહ, સુરુભા અને કાન્તીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.તેવું નવિનભાઈ મકવાણા (રાઘાણી) દ્વારા જણાવવામાં આવ્યું હતું.

જીએસટી ઓડિટ રિપોર્ટની મુદતમાં વધારો, વેપારીઓને રાહત

અમદાવાદ

જીએસટી હેઠળના ઓડિટ રિપોર્ટ રજૂ કરવાની સમય મર્યાદામાં સરકાર દ્વારા વધુ એક વખત વધારો કરવામાં આવતા વેપારીઓને રાહત મળી છે ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં આવા ઓડિટ રિપોર્ટ રજૂ કરનાર સામે કોઈ દંડનીય કાર્યવાહી નહીં કરવામાં આવે તેવી જાહેરાત કરવામાં આવી છે એટલેકે કે વેપારીઓને વધુ ૨૮ દિવસની મુદત ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવા માટે મળી છે .

વેપારી મંડળો, ટેક્સ પ્રેક્ટિશનર એસોસિએશન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે જાન્યુઆરી માસમાં જીએસટી કાયદા હેઠળના માસિક રિટર્ન ફોર્મ જીએસટીઆર-૧, જીએસટીઆર-૩બી તેમજ ત્રિમાસિક રિટર્ન ફોર્મ જીએસટીઆર-૧ રજૂ કરવાની કામગીરીમાં વેપારીઓ વ્યસ્ત રહેશે.

જેના કારણે ઓડિટ રિપોર્ટ ફાઈલ કરવા ઉપર પૂરતું ધ્યાન આપી શકશે નહીં અને સમયસર રિપોર્ટ સબમિટ નહીં કરે તો દંડ ભરવો પડશે. તેથી વ્યાજબી મુશ્કેલીઓને ધ્યાને રાખીને વેપારીઓને એક મહિનાની મુદત આપવામાં આવે જેથી તેઓ જીએસટીઆર-૧, જીએસટીઆર-૩બી તેમજ ત્રિમાસિક રિટર્ન ફોર્મ જીએસટીઆર-૧ સમય મર્યાદામાં ભરીને વાર્ષિક ઓડિટ રિપોર્ટ રજૂ કરવા માટે પૂરતો સમય મેળવી શકે.

પાલીતાણા નગરપાલિકાના વોડ નંબર ત્રણમા કોગ્રેસ ના ઉમેદવાર નો જ્વલંત વિજય



પાલીતાણા નગરપાલિકા વોડ નંબર ૩ ની પેટા કોગ્રેસ ના ઉમેદવાર અનવરભાઈ (સોહીલ) મહમદભાઈ કાઝી નો ૨૭૬ મતે જંગી વિજય થયો હતો તેમા પૂવ પ્રદેશ મંત્રી હાજી હયાતખાન બલોચ હાજી રૂમિભાઈ શેખ પ્રવિણભાઈ એમ ગઢવી બાબલાકાકા લાઈટ વાળા કરણશંગ જી મોરી અબ્બાસ વોરા યાસીન બલોચ દિનેશભાઈ મારૂં સિકંનદર સૈયદ જીકરભાઈ ડેરૈયા સહીત ના કોગ્રેસ પક્ષ ના આગેવાનો વિજય સરઘસ મા હાજર રહયા હતા

સૌરાષ્ટ્રમાં સ્વાઈન ફલૂ નો કહેર યથાવત સીઝનમાં ૬૮ ના મૃત્યુ છતાં તંત્ર મૌન !!

રાજ્યમાં છેલ્લા એકાદ સપ્તાહ થી ઠંડી નો પારો વધ્યો છે.આ સાથે જ સ્વાઈન ફ્લૂએ ફરીથી માથું ઊંચક્યું છે. રાજયમાં સૌરાષ્ટ્રમાં,કરછ પ્રાંતમાં જાન્યુઆરી મહિનામાં જ સ્વાઈન ફલૂ થી ૨૨લોકો ના મોત થયા છે.ત્યારે તંત્ર ની નિષ્કાળજીને લીધે સ્વાઈન ફલૂ ના કેસ માં વધારો થઈ રહ્યા ની ચર્ચાઓ વેગવંતી બની છે રાજયના સૌરાષ્ટ્ર કરછ પ્રાંતમાં માત્ર સૌરાષ્ટ્ર માં વર્ષ ૨૦૧૯ જાન્યુઆરી મહિનામાં સ્વાઈન ફ્લૂના કારણે ૨૨ મોત થયા છે.જયારે સમગ્ર રાજયમાં૨૫ થી વધુ લોકોના મૃત્યુ સ્વાઈન ફ્લુના કારણે થયા છે.સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સ્વાઈન ફલૂ ના દર્દીઓ રાજકોટ ની સિવિલ હોસ્પિટલ માં તૈયાર કરવામાં આવેલા સ્વાઈન ફલૂના વિશેશ વોર્ડ માં સારવાર માટે મોકલવામાં આવી રહ્યા છે.

રાજકોટ ની સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલૂની સારવાર માટે ૧૫૦ બેડ ની સુવિધા કરવામાં આવી છે.જયારે આ સિઝન માં ડિસેમ્બર સુધી માં ૪૬ અને જાન્યુઆરીમાં ૨૨મળીને આ સિઝન માં મૃત્યુ આંક ૬૮ પોહચ્યો છે.જાન્યુઆરી માં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૬૬ પોઝિટિવ કેસ જોવા મળયા છે.હાલમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ઉપરાંત અન્ય ખાનગી દવાખાના માં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

રાજકોટ માં સ્વાઈન ફલૂ ના ગત વર્ષ થી લઈને અત્યાર સુધીમાં ૧૬૫ થી વધુ પોઝિટિવ કેસ રાજકોટ માં નોંધાયા છે.જયારે સમગ્ર રાજયમાં ૫૦૦ પોઝિટિવ કેસ નોંધાયા છે.આ કેસ ની સંખ્યામાં દિનપ્રતિદિન વધોરો થઈ રહ્યો છે.સૌરાષ્ટ્રમાં ઠંડી વધવાની સાથેજ ભેજ અને ઝાકળનું પ્રમાણ વધે છે જેના કારણે તાવ-શરદી જોવા મળે છે.તાવ અને શરદી ના કેશ વધવાને કારણે યોગ્ય સમયે સારવાર ન મળવાથી કેસ સ્વાઈન ફ્લુમાં બદલાઈ જાય છે.તંત્ર ની નિષ્ફળ તા ના કારણે સ્વાઈન ફલૂ ના કેશમાં સંખ્યા વધી રહી છે.તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે એક અખબાર ને આપેલા ઈન્ટરવ્યૂ માં જણાવ્યું હતું કે તંત્ર ને પેહલાથીજ સૂચના આપી દેવાઈ છે અને સવાઇન ફ્લૂ ની સામે કાર્યવાહી કરવામા આવી છે.

ઈ-મેમોથી બચવા યુવકે ખોટી નંબર પ્લેટ લગાડી, ડ્રાઈવમાં ઝડપાયો

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ઝોન-૪ વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવનું આયોજન પોલીસે કર્યું હતું. શાહીબાગ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ડ્રાઈવ દરમ્યાન ઘેવર સર્કલ પાસે બાઈકચાલકને બાઈક પર ખોટી નંબર પ્લેટ સાથે ઝડપી પાડ્યો હતો. યુવકે ઈ-મેમોના દંડથી બચવા આગળ પાછળ અલગ નંબર પ્લેટ લગાડી હતી. ઝોન-૪માં યોજાયેલી ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન શાહીબાગ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ઘેવર સર્કલ પાસે હાજર હતા ત્યારે હેલ્મેટ વગર બાઈકચાલક આવતા પોલીસે તેને રોક્યો હતો. પોલીસ તેનો મેમો બનાવતી હતી ત્યારે નંબર પ્લેટ જોતા આગળ અને પાછળની નંબર પ્લેટમાં સિરીઝ એક જ હતી માત્ર નંબર જ અલગ અલગ હતા. પોલીસે તેનું નામ પૂછતાં દેવેન્દ્ર પટેલ (રહે. પર્ણકુંજ સોસાયટી, મેઘાણીનગર)હોવાનું જણાવ્યું હતું. પોલીસથી અને ઈ-મેમોના દંડથી બચવા માટે તેણે અલગ અલગ નંબર પ્લેટ લગાડી હતી. દેવેન્દ્ર પટેલની શાહીબાગ પોલીસે ખોટી નંબર પ્લેટ લગાડી છેતરપીંડી કરી હોવાના ગુનામાં ધરપકડ કરી બાઈક પર અલગ અલગ નંબર પ્લેટ લગાડી અને અન્ય કોઈ ગુનો કર્યો છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે.

સરકારની મુદ્રા યોજનામાં ૪૦ ટકા ફંડ પડી રહ્યુ છે, એનપીએને જોખમ

ન્યુ દિલ્હી

મોદી સરકારની મહત્વકાંક્ષી મુદ્રા યોજના માટે ફાળવવામાં આવેલુ લગભગ ૪૦ ટકા ફંડ એમનુ એમ પડ્યુ છે.૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં આ માટે જે પણ ફંડ રાખવામાં આવ્યુ હતુ તેમાંથી અનુક્રમે ૬૦ અને ૬૧ ટકા જ ફંડ લોન તરીકે આપવામાં આવ્યુ છે.

સરકારના આંકડા કહી રહ્યા છે કે લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોને આ યોજના હેઠળ અપાયેલી લોન અન્ય સેક્ટરના ઉદ્યોગોને અપાયેલી લોન કરતા ઓછી છે. બીજી તરફ વગર કોઈ ગેરંટીએ મુદ્રા યોજનામાં અપાતી લોનના કારણે એનપીએનુ જોખમ મંડરાઈ રહ્યુ છે.પૂર્વ આરબીઆઈ ગર્વનર રઘુરામ રાજને આ યોજનાને ખતરો બતાવીને કહ્યુ હતુ કે આ યોજનાથી બેંકિંગ ક્ષેત્રમાં એનપીએનુ જોખમ સર્જાઈ શકે છે.અત્યાર સુધીમાં મુદ્રા લોનની એપીએ ૧૧૦૦૦ કરોડ રુપિયા પર પહોંચી ચુકી છે.

ભાજપની સરકાર દ્વારા ખેડૂતોને અન્યાય

પૂર અને અછત માટે સાત રાજ્યોને ૭૨૧૪, જેમાં ગુજરાતને માત્ર ૧૨૮ કરોડ..!!

ગાંધીનગર

એક સમયના ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રના અનેક મંત્રીઓ તથા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના નેતાઓ અવારનવાર કહેતા હોય છે કે મોસાળમાં જમણ અને મા પીરસનાર એટલે કે કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોવાથી ગુજરાતને કેન્દ્ર સરકારની યોજનાઓનો મહત્તમ લાભ મળશે.

પરંતુ અવારનવાર ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી અન્યાય કરવામાં આવી રહ્યો છે. એ પ્રકારના આક્ષેપો કોંગ્રેસના અનેક નેતાઓ દ્વારા વારંવાર કરાયા છે. કેન્દ્ર સરકારે દેશના સાત રાજ્યોમાં પૂર અને અછત માટે ૭૨૦૦ રાહત પેકેજ જાહેર કર્યું છે. જેમાં સૌથી વધારે રકમ ૪૭૦૦ કરોડથી વધુ માત્ર મહારાષ્ટ્રમાં જ અપાય છે.

જ્યારે ગુજરાતને કુલ રકમના માત્ર બે ટકા રકમ એટલે કે ૧૨૮ કરોડ આપ્યા છે. જ્યારે કર્ણાટકને ૯૫૦ કરોડ આંધ્ર પ્રદેશને ૯૦૦ કરોડ ઉત્તરપ્રદેશને ૧૯૨ કરોડ હિમાચલ પ્રદેશને ૩૧૬ કરોડ તથા ૩ કરોડની રકમ ચૂકવાઈ છે. કેન્દ્રના નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ દ્વારા આ રાહત પેકેજની સત્તાવાર જાહેરાત કરાઈ છે આમ આટલી ઓછી રકમ ચૂકવીને કેન્દ્ર સરકારે ગુજરાતને એક થપ્પડ મારી છે.

બેનામી લેણ-દેણ કરનારને ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ

આયકર વિભાગે ૨ વર્ષમાં રૂ.૬૯૦૦ કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરી



ન્યુ દિલ્હી

આયકર વિભાગે બેનામી લેવડ-દેવડ નિષેધ કાયદા અનુસાર ૨ વર્ષમાં ૬,૯૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. આઈટી વિભાગે મંગળવારે જાહેરાત આપીને આ જાણકારી આપી છે. ૧ નવેમ્બર ૨૦૧૬એ દેશમાં સંશોધિત બેનામી કાયદો લાગુ કરાયો હતો. આયકર વિભાગે જાહેરાતમાં જણાવ્યુ છે કે બેનામી લેવડ-દેવડ સાથે જોડાયેલા લોકોને ૭ વર્ષ સુધીની સજા થઈ શકે છે. સાથે જ સંપત્તિની કિંમતના ૨૫%ના બરાબર દંડની પણ જોગવાઈ છે. ખોટી માહિતી આપનાર લોકોને ૫ વર્ષ સુધીની સજા થઈ શકે છે. સાથે જ બેનામી સંપત્તિની કિંમતના ૧૦% સુધીનો દંડ પણ લાગી શકે છે. આયકર વિભાગે અપીલ કરી છે કે લોકો બેનામી લેવડ-દેવડનો નાશ કરવામાં મદદ કરે. કોઈ સ્થાવર કે જંગમ સંપત્તિનો અસલી માલિક તેને કોઈ બીજાના નામે કરી દે છે તો આ બેનામી સંપત્તિ કહેવાય છે. ટેક્સથી બચવા માટે લોકો આવુ કરે છે.

મેરઠથી પ્રયાગરાજ સુધી બનશે ગંગા એક્સપ્રેસ વે

કેબિનેટ મીટિંગ બાદ સીએમ યોગીએ કુંભમાં ડૂબકી લગાવી, મીડિયાને વખાણી

પ્રયાગરાજ

પ્રયાગરાજમાં મંગળવારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કેબિનેટની બેઠક થઈ. આવું પહેલીવાર થયું જ્યારે ઉત્તર પ્રદેશની રાજધાનીથી બહાર કુંભ ક્ષેત્રમાં રાજ્ય સરકારની કેબિનેટ બેઠક થઈ. આ દરમિયાન સીએમ યોગી ઉપરાંત યૂપી સરકારના તમામ મંત્રી ઉપસ્થિત રહ્યા. બેઠક બાદ સીએમ યોગીએ કુંભમાં સ્નાન કર્યું. તેમની આ તસવીર વાયરલ થઈ રહી છે.

બેઠક પહેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અક્ષયવટની પૂજા-અર્ચના કરી. સીએમ યોગીએ હનુમાનજીનો દુગ્ધાભિષેક પણ કર્યો. સીએમ ઉપરાંત કેબિનેટ મંત્રીઓએ અક્ષયવટ અને મોટા હનુમાન મંદિરમાં દર્શન કર્યા. ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ પણ અનુષ્ઠાનમાં ભાગ લીધો. બેઠક બાદ સીએમ યોગીએ કુંભમાં શાનદાર કવરેજ માટે મીડિયાના વખાણ કર્યા. મુખ્યમંત્રીએ કહ્યું કે ૭૧ દેશોના રાજદૂત સહિત ૩૦૦૦ અપ્રવાસી ભારતીય આ વખતે કુંભ પહોંચ્યા. આ બેઠકમા અનેક મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એલાન કર્યું કે પશ્ચિમી ઉત્તર પ્રદેશના મેરઠથી લઈને પ્રયાગરાજ સુધી ગંગા એક્સપ્રેસ-વે બનાવવામાં આવશે. આ એક્સપ્રેસ-વે તમામ રીતે ગંગાના કિનારે બનાવવામાં આવશે.

આ એક્સપ્રેસ-વેને બનાવવામાં લગભગ ૩૬ હજાર કરોડનો ખર્ચ આવશે. આ એક્સપ્રેસ-વે ૬ લેનનો હશે. સીએમે દાવો કર્યો છે કે એક્સપ્રેસ-વે દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે હશે. આ ઉપરાંત કેબિનેટમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે બુંદેલખંડ એક્સપ્રેસ-વેનું પણ ઝડપથી નિર્માણ કરવામાં આવશે.

૨૭૦ કિમીના આ એક્સપ્રેસ-વે માટે ૮ હજાર કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવશે. ખેડૂતોની આવકને બે ગણી કરવા માટે પણ ખેડૂત બજારમાં પ્રતિનિધિત્વને લઈને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા.

મહારાષ્ટ્ર સરકારથી નારાજ ઓટોરિક્ષા યુનિયનોની હડતાળની ધમકી

મુંબઈ

મહારાષ્ટ્ર સરકાર જો ઉબર અને ઓલા કંપનીઓને કાયદાની મર્યાદાની અંદર નહીં લાવે તો આંદોલન પર ઉતરવાની ઓટોરિક્ષા ચાલકોનાં યુનિયનોએ ચેતવણી આપી છે.

ઉબર કંપનીએ ઓટોરિક્ષાઓનો ઉપયોગ કરવા માટે એક પ્રચાર શરૂ કરતાં આ વિવાદ સર્જાયો છે અને એને પગલે હડતાળની ધમકી આવી છે. કારણ કે, અત્યાર સુધી ઉબર કંપની માત્ર નેશનલ પરમીટ હોય એવી જ ઓટોરિક્ષા સેવા મુંબઈમાં પૂરી પાડે છે.

મુંબઈ ઓટોરિક્ષામેન્સ યુનિયનના પ્રમુખ શશાંક રાવે કહ્યું છે કે રાજ્યના ટ્રાન્સપોર્ટ વિભાગે છેલ્લા ત્રણ વર્ષથી ઓટોરિક્ષા અને ટેક્સીનાં ભાડાં વધારવા દીધાં નથી, જ્યારે બીજી બાજુ મોબાઈલ એપ આધારિત ડ્રાઈવરોને વધારે ચાર્જ વસુલ કરવાની પરવાનગી આપી છે. જો સરકાર ત્વરિત પગલું નહીં ભરે તો અમે આંદોલન પર ઊતરીશું.

ઉલ્લેખનીય છે કે કોઈ ચોક્કસ રૂટ માટેનું ભાડું રૂ. ૪૦ છે, પણ જો કોઈ મોબાઈલ એપ પરથી ટેક્સી બુક કરાવે તો એણે ૭૦ રૂપિયા ચૂકવવા પડે છે. આ ભાડાવધારો બુકિંગ કરવાના સમય પર આધારિત રૂ. પાંચથી લઈને ૫૦ રૂપિયા સુધીનો લેવામાં આવે છે, એવો દાવો યુનિયને કર્યો છે.

મુંબઈ રિક્ષામેન્સ યુનિયનનાં પ્રમુખ થામ્પી કુરિયને કહ્યું છે કે, લોકોને ખબર પડવી જોઈએ કે એપ્લિકેશન મારફત બુક કરાવાતી ઓટોરિક્ષા માટે એમની પાસેથી શા માટે વધારે ચાર્જ વસુલ કરવામાં આવે છે. અમે આ એગ્રીગેટર્સને સ્પષ્ટપણે જણાવ્યું છે કે સરકાર મંજૂર ન કરે ત્યાં સુધી તમારે વધારે ભાડું વસુલ કરવું નહીં. અમારાં સભ્ય રિક્ષાચાલકો એવી એપ્સનાં પ્લેટફોર્મ નહીં જોડાય.

કેરિયર પાછળ ઘેલી ચીની મહિલાઓને પાર્ટનર શોધવા મળે છે લવ લીવ

બેઈજીંગ

કેરિયર બનાવવા પાછળ ઘેલી મહિલાઓ આજકાલ એટલી વ્યસ્ત રહે છે કે તેને પોતાના પ્રેમ માટે સમય નથી મળતો. તો કેટલીક મહિલાઓ કેરિયર માટે લગ્ન જ કરવાનું પસંદ નથી કરતી. આવી મહિલાઓની મદદ માટે ચીને એક હલ નિકાળ્યું છે. તે હવે મહિલા કર્મચારીઓ અને શિક્ષકો માટે કે જે કુંવારા છે તે માટે લવ લીવની શરૂઆત કરી છે. જેથી તે પોતાના માટે યોગ્ય પાર્ટનરને શોધી શકે અને તેની માટે સમય કાઢી શકે. પ્રેમ કરનારાઓ માટે તેમની ઓફિસ અલગથી ૮ દિવસની રજા તો આપે છે પણ તે માટે લોકોને એક ખાસ શરતનું પણ પૂરી કરવી પડે છે. શરત એ છે કે જે પણ રજા લેવા ઈચ્છે છે તે કર્મચારી અપરણીત મહિલા હોવી જોઈએ અને તેની ઉંમર ૩૦ વર્ષની આસપાસ હોવી જોઈએ. આવી મહિલાઓને આ લવ લીવ મળે છે. ચીનમાં કુંવારી મહિલાઓ જેની ઉંમર ૩૦ વર્ષની આસપાસ હોય છે, જે માટે એક અપમાનજનક શબ્દ 'શેંગ નું' (લગ્ન ચૂકી ગયેલી મહિલાઓ)નો ઉપયોગ કરવામાં આવે છે. જેને લીધે આ ઉંમરની મહિલાઓને ચીનની બે કંપનીઓ અને સ્કૂલમાં કામ કરતી અવિવાહિત મહિલાઓને 'ડેટિંગ લીવ' આપવામાં આવી રહી છે.

ઉજ્જૈન પાસે કાર અને વાન અથડાતા ૧૨નાં મોત



ઉજ્જૈન

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં એક દર્દનાક રોડ અકસ્માતમાં ૧૨ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. મળેલી માહિતી અનુસાર, તમામ લોકો એક જ પરિવારના હતા. જે કોઈ લગ્ન સમારોહમાં સામેલ થવા માટે નાગદાના બિરલાગ્રામના સુભાષ કાયતને ત્યાં ગયા હતા. જ્યાંથી તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમણે ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. મળતી માહિતી અનુસાર, ઉજ્જૈન-ઉન્હેલ માર્ગ પર રામગઢ ફાંટા પાસે મારૂતિ વાન અને ટાટા હેક્સા કાર વચ્ચેની ટક્કરમાં ૧૨ લોકોનાં મોત નિપજ્યાં છે. દુર્ઘટના સોમવારે રાત્રે લગભગ ૧૨ વાગ્યે ઘટી છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ પોલીસે તમામ મૃતકોના મૃતદેહોને એમ્બુલન્સની મદદથી જિલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યારે ૨ અન્ય ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ તમામ લોકો નાગદાના બિરલાગ્રામથી લગ્ન સમારંભમાંથી પરત ફરી રહ્યાં હતા. પીપલીનાકા નિવાસી દીપક કાયત પાછળની બસમાં હતા, તેઓએ જણાવ્યું કે ટર્ન પર ઉજ્જૈન તરફથી ફુલ સ્પીડે આવી રહેલી કારે વાનને ટક્કર મારી હતી. વાન લગભગ ૫૦ ફુટ દૂર જઈને રોકાઈ હતી. બસને રોકાવીને જેવા અમે વાનની પાસે પહોંચ્યા તો જોયું કે વાનમાં સવાર ઘણા લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે ઘણા લોકોની હાલત ખુબ જ ગંભીર હતી.


પાકિસ્તાનમાં પ્રથમ હિન્દુ મહિલા જજ બન્યા સુમન કુમારી

ઈસ્લામાબાદ

સુમન કુમારી પાકિસ્તાનમાં કોર્ટમાં જસ્ટિસ તરીકે નિયુક્ત થનાર પ્રથમ હિન્દુ મહિલા બન્યા છે. કમ્બર-શાહદકોટ નિવાસી સુમન પોતાના પિતૃક જિલ્લામાં જ જસ્ટિસ તરીકે સેવા આપશે. ડોન ન્યૂઝ મુજબ તેઓ હૈદરાબાદથી એલએલબી અને કરાચીની સૈયદ જુલ્ફિકાર અલી ભુટ્ટો વિજ્ઞાન અને તકનીકી સંસ્થાથી કાયદામાં સ્નાતકોત્તરનો અભ્યાસ કર્યો છે. સુમનના પિતા પવનકુમાર બોદાનના અનુસાર સુમન કમ્બર-શાહદાદકોટ જિલ્લાના ગરીબોને મફત કાયદાકીય સહાયતા આપવા માગે છે. તેમણે કહ્યું કે સુમને એક પડકારરૂપ વ્યવસાય પસંદ કર્યો છે, પણ મને વિશ્વાસ છે કે તે સખત મહેનત અને ઈમાનદારીથી ઉંચા મુકામને પ્રાપ્ત કરશે.' સુમનના પિતા આંખના રોગના નિષ્ણાત અને તેમના મોટા ભાઈ સોફ્ટવેર એન્જિનિયર છે. તો તેમની બહેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

સુમન ગાયક લતા મંગેશકર અને આતિફ અસલમની પ્રશંસક છે. પાકિસ્તાનમાં કોઈ હિન્દુ વ્યક્તિને ન્યાયાધીશ નિયુક્ત કરવામાં આવવાનો આ પ્રથમ કેસ નથી. આ પહેલા હિન્દુ ન્યાયમૂર્તિ જસ્ટિસ રાણા ભગવાનદાસ હતા જે ૨૦૦૫થી ૨૦૦૭ વચ્ચે ટૂંકા ગાળા માટે કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ તરીકે પસંદ કરાયા હતા. પાકિસ્તાનની કુલ વસ્તીમાં બે ટકા હિંદુ છે અને ઈસ્લામ પછી દેશમાં હિન્દુ ધર્મ બીજો સૌથી મોટો ધર્મ છે.









તંત્રી સ્થાનેથી...

ટીમ ઇન્ડિયા તૈયાર છે

સતત એકપછી એક બે વનડે શ્રેણી જીતીને ભારતીય ટીમે દુનિયામાં પોતાનો ડંકો વગાડી દીધો છે. પહેલા ઓસ્ટ્રેલિયામાં અને હવે ન્યુઝીલેન્ડમાં વનડે શ્રેણી જીતીને ભારતીય ટીમે પોતાની તાકાતનો પરિચય આપી દીધો છે. ભારતીય ટીમે પહેલા ઓસ્ટ્રેલિયાની જમીનમાં ટેસ્ટ અને વનડે શ્રેણી જીતી હતી. જ્યારે હવે ન્યુઝલેન્ડમાં વનડે શ્રેણી જીતી લીધી છે. સતત બે વિદેશી જમીન પર શ્રેણી જીતી ભારતીય ટીમે સાબિતી આપી છે કે ટીમ ઇન્ડિયા વર્ષના મધ્યમાં યોજાનાર વર્લ્ડ કપ માટે સંપૂર્ણ પણે તૈયાર છે. આ વખતે તે ફેવરીટ પણ બની ગઈ છે. વચ્ચેના ગાળામાં થોડાક સમય માટે ટીમ સંતુલિત ન હતી. જો કે હવે ટીમ ઇન્ડિયા સજ્જ થઈ ગઈ છે. સંતુલિત ટીમ ત્રણેય વિભાગોમાં થઈ ગઈ છે. દરેક ખેલાડી પોતાના શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે. ટીમમાં તમામ જગ્યાએ પુખ્ત રીતે ભરાઈ ગઈ છે. દરેક ખેલાડીના વિકલ્પ પણ રહેલા છે. મહેન્દ્ર સિંહ ધોની ફોર્મમાં આવી જતા બોનસ સમાન છે. કારણ કે મેદાનમાં ધોનીની હાજરી જ ટીમના ખેલાડીઓના જુસ્સાને વધારી દે છે. છેલ્લી ઘડીએ ધોની દ્વારા આપવામાં આવતી ટિપ્સ બાજી ફેરવી નાંખવામાં મદદરૂપ રહે છે. આવી જ રીતે શિખર ધવન પણ ફોર્મમાં આવી ગયો છે. આની સાથે જ ઓપનિંગની ચિંતા હવે ખતમ થઈ ગઈ છે. રોહિત શર્મા તો છેલ્લા કેટલાક સમયથી શાનદાર બેટિંગ કરી રહ્યો છે. વિરાટ કોહલી પણ ફોર્મમાં ચાલી રહ્યો છે. મધ્યમ ક્રમમાં છેલ્લા કેટલાક સમયથી સતત પ્રયોગો કરવામાં આવી રહ્યા હતા. જે હવે પૂર્ણ થઈ ગયા છે. રાયડુ પણ નિચલા ક્રમમાં શાનદાર બેટિંગ કરી રહ્યો છે. જો કે તે શાનદાર દેખાવ કરવા માટે હજુ આશાવાદી છે. હાર્દિક પંડ્યા પણ ફોર્મમાં ચાલી રહ્યો છે. જશપ્રીત બુમરાહ અને મોહમ્મદ શામીની જોડી જોરદાર દમમાં દેખાઈ રહી છે. ક્રિકેટમાં હાલમાં ઝડપી બોલરો સૌથી શાનદાર આફ્રિકાની ટીમમાં છે. હવે ભારતીય ટીમમાં પણ ઘાતક બોલરો છે. જેના કારણે ટીમને જીત મળી રહી છે. કુલદીપ યાદવ અને યુજવેન્દ્ર ચહલનો કોઈ જવાબ મળી રહ્યો નથી. હરિફ ટીમો આ બંને બોલરોની સામે ફ્લોપ સાબિત થઈ રહી છે. ટીમ ઇન્ડિયા વિશ્વ કપ પહેલા આઇપીએલમાં રમનાર છે. આશા રાખી શકાય છે કે આના કારણે કોઈ ખેલાડી ફ્લોપ રહેશે નહીં. ટીમ મેનેજમેન્ટ દ્વારા સમય સમય પર ટોપ ખેલાડીઓને આરામ આપવામાં આવી રહ્યો છે. પહેલા બુમરાહને આરામ આપવામાં આવ્યો હતો. હવે વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો છે. જેથી કેટલાક નવા ખેલાડીને તક આપવામાં આવી શકે છે. ટીમના હાલના દેખાવથી કરોડો ચાહકોની અપેક્ષા વધી ગઈ છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં વિરાટ દેખાવ કરી રહી છે. વર્લ્ડ કપમાં હવે ભારતીય ટીમ કેવો દેખાવ કરે છે તે બાબત ઉપયોગી સાબિત થઈ શકે છે. તમામની નજર હાલમાં ટોપ ઓર્ડર ખેલાડી પર કેન્દ્રિત થઈ ગઈ છે. જેમાં રોહિત શર્મા, શિખર ધવન, વિરાટ કોહલી અને ધોનીનો સમાવેશ થાય છે. વિદેશી જમીન પર ભારતીય ટીમ પહેલા ફ્લોપ રહેતી હતી પરંતુ હવે તો કોહલીની ટમ વિદેશમાં પણ ડંકો વગાડી રહી છે.

વિદેશ જમીન ઉપર સતત બે શ્રેણી જીતીને સાબિતી આપી કે વર્લ્ડ કપ ટીમ તૈયાર છે

૧૫ કરોડને ઘુટણની બિમારી

દર સાત મિનિટમાં એક ઘુટણ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે. હજુ સુધી એક લાખથી વધારે લોકો ઘુટણ ટ્રાન્સપ્લાન્ટ કરી ચુકેલા લોકપ્રિય આર્થોપેડિક્સ સર્જને કહ્યુ છે કે આ સમય સમગ્ર દેશમાં મહામારીની જેમ ઘુટણની બિમારી વધી રહી છે. દરેક બીજી અથવા તો ત્રીજી વ્યક્તિ ઘુટણની તકલીફથી ગ્રસ્ત છે. પરંતુ સરકારની પાસે કેન્સર અથવા તો અન્ય બિમારીની જેમ ઘુટણ ટ્રાન્સપ્લાન્ટના આંકડા સત્તાવાર રીતે નોંધવામાં આવતા નથી જેથી તેના વાસ્તવિક આંકડા અંગે અંદાજ મળી શકતો નથી. કેટલાક અન્ય નિષ્ણાંતો પણ કહે છે કે ૧૫ કરોડથી વધારે લોકો ઘુટણની બિમારીથી ગ્રસ્ત છે. તબીબોના કહેવા મુજબ જે ૧૫ કરોડ લોકો ઘુટણની બિમારીથી ગ્રસ્ત છે તે પૈકી ચાર કરોડ લોકોને ઘુંટણ પ્રત્યારોપણની જરૂર દેખાઈ રહી છે. તબીબોનુ કહેવુ છે કે જે રીતે આ બિમારી રોકેટ ગતિથી વધી રહી છે તે જોતા આંકડો સતત વધી રહ્યો છે. આવનાર કેટલાક વર્ષોમાં આર્થરાઈટિસ લોકોને શારરિક રીતે અક્ષમ બનાવવા માટે ચોથા સૌથી મોટા કારણ તરીકે છે. તબીબોના કહેવા મુજબ સુરક્ષામાં લાગેલા લોકો ખાસ કરીને જવાનો મોટી વયમાં ઘુંટણની સમસ્યાથી સૌથી વધારે ગ્રસ્ત રહે છે. દિવસ ભર ઉભા રહીને નોકરી કરનાર જવાનોમાં આ સમસ્યા વધારે જોવા મળે છે. ભારતીય લોકો આનુવાંશિક રીતે ઘુંટણની આર્થરાઈટિસથી વધારે ગ્રસ્ત રહે છે. ચીનમાં આશરે ૬.૫ કરોડ લોકો ઘુંટણની સમસ્યાથી ગ્રસ્ત છે. જે ભારતમાં ઘુટણની સમસ્યાથી ગ્રસ્ત લોકોની સંખ્યાની તુલનામાં અડધાથી ઓછી છે. જાણકાર નિષ્ણાંત તબીબો કહે છે કે આ બિમારીમાં બેદરકારી રાખવાની સ્થિતીમાં મોડેથી સમસ્યા વધારે આવી શકે છે.

સરકારી અને ખાનગી બંને સેક્ટરની બેંકો સામે અનેક પડકારો...

બેકિંગ સંકટને લઈને પણ રાજનીતિ

બેંકોના ખાનગીકરણને લઈને બિનજરૂરી ચર્ચામાં પડવાના બદલે બેકિંગમાં લોકોનો વિશ્વાસ અકબંધ રહે તેવા પ્રયાસ કરવાની જરૂર છે

આશરે ચાર વર્ષ પહેલા જ્યારે રિઝર્વ બેંકના તત્કાલીન ગવર્નર રઘુરામ રાજને એમ કહ્યુ કે ભારતીય બેકિંગ ક્ષેત્ર સંકટમાં છે તો તમામ લોકો અને દેશના અર્થશાસ્ત્રીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. રાજને કહ્યુ હતુ કે કેટલીક મોટી કંપનીઓએ તેમની લોનની રકમની ફેરચુકવણી કરવામાં સફળ સાબિત થઈ રહી નથી. તેમના નિવેદનની ચર્ચા નિષ્ણાંતોમાં પણ રહી હતી. જ્યારે અમેરિકામાં સબ પ્રાઈમ સકંટના કારણે અમેરિકા જ નહી બલ્કે સમગ્ર દુનિયાના બેકિંગ ક્ષેત્રમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ ત્યારે ભારતના બેકિંગ ક્ષેત્રની હાલત સારી હતી. એટલુ જ નહી બલ્કે તેમના લાભ વધી રહ્યા હતા. કેટલીક સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકોને છોડી દેવામાં આવે તો ભારતીય બેકિંગ વ્યવસ્થા દુનિયામાં એક દાખલા સમાન બની ગઈ હતી. ભારતના નિતી નિર્માતા આ બાબતને લઈને ગર્વ અનુભવ કરી રહ્યા હતા કે ભારતની બેકિંગ વ્યવસ્તા દુનિયાની વ્યવસ્થા કરતા અલગ છે. જેથી ભારતની બેકિંગ વ્યવસ્થાને વિશ્વના અન્ય દેશોમાં થતી ઉથલપાથલની અસર થતી નથી. આ વાસ્તવિકતા છે કે ભારતની બેકિંગ વ્યવસ્થા અમેરિકા અને યુરોપિયન વ્યવસ્થા કરતા ખુબ મજબુત છે. છતાં છેલ્લા ચાર વર્ષના ગાળામાં ભારતીય બેકિંગ એક મોટા સંકટમાંથી પસાર થઈ રહી છે. ભારતની સરકારી અને ખાનગી એમ બન્ને પ્રકારની બેંકોની એનપીએ નવ લાખ કરોડ રૂપિયાના આંકડા સુધી પહોંચી ગઈ હતી. જો કે તમામ બેંકોમાં એક જેવી સ્થિતી રહી નથી. કેટલીક બેંકો મોટા પાયે એનપીએથી પરેશાન છે. જ્યારે અન્ય બેંકોમાં સમસ્યા એટલી ગંભીર નથી. કોઈ પણ લોનના એનપીએ હોવાના બે કારણ હોઈ શકે છે. પહેલુ કારણ એ છે કે બેંકોમાં સંચાલની બાબત યોગ્ય નહી હોવાની છે. જેના કારણે જાણી જોઈને હવે વિચારણા કર્યા વગર જોખમી લોન આપી દેવાની બાબત સામેલ છે. બીજુ કારણ અર્થ વ્યવસ્થા ધીમી હોવાના કારણે કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા લેવામાં આવેલી લોનની ફેરચુકવણી કરવામાં પરેશાની છે. અગાઉની સરાકરના આર્થિક ખરાબ સંચાલનના કારણે પણ જટિલ સ્થિતી સર્જાઈ જાય છે. કોંભાડો અને કોર્પોરેટની સાથે મિલિભગત્ના કારણે કોર્પોરેટ લોન એનપીએમાં ફેરવાઈ જવાના કેટલાક કારણ હોય છે. મંદીના કારણે કેટલાક કેસોમાં યોગ્યરીતે આપવામાં આવેલી લોનની ફેરચુકવણીમાં પણ તકલીફ આવી રહી છે. રાજકીય નેતૃત્વની મિલીભગતના કારણે મોટા ભાગે લોન એનપીએ થાય છે. વિજય માલ્યા, નિરવ મોદી, મહેલુ ચોકસી સહિતના કેટલાક દાખલા અમારી સામે રહેલા છે. જ્યાં લોન લેનાર નાણાંકીય સંસ્થાઓની અથવા તો કોર્પોરેટ કંપનીઓની આર્થિક સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવી ન હતી. અથવા તો બેકિંગ મેનેજમેન્ટની નબળાઈ પણ તેમાં દેખાઈ આવે છે. એનપીએ મામલે રીઝર્વ બેંક ચિંતાતુર છે. હાલના પીએનપી કોંભાડ બાદ કેટલાક પગલા નવા લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેડ લોન સાથે જોડાયેલા નિયમોમાં કોઈપણ છુટછાટ આપવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, કઠોર નિયમોને અમલી કરવામાં આવ્યા બાદ લોન લેનાર લોકો પોતાની હદમાં રહેશે અને બેંક પણ કોઈપણ પ્રકારની લોનને છુપાવી શકશે નહીં. આ મામલાથી વાકેફ રહેલા બે વરિષ્ઠ અધિકારીઓએ આજે આ મુજબની માહિતી આપી હતી. દિલ્હીમાં હાલમાં બંધ બારણે અતિમહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં રિઝર્વ બેંકના ગવર્નર પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જિત પટેલે સાંસદો સમક્ષ આ મુજબની વાત કરી હતી. હાલમાં સ્ટ્રેસ્ડ એસેટના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. જેમાં કહેવામાં આવ્યું હતું કે, કંપનીના એક દિવસના પણ લોન પર ડિફોલ્ટ કરવાની સ્થિતિમાં બેંકોને રિઝોલ્યુશન પ્લાન ઉપર કામ શરૂ કરવું પડશે. બેંકો હવે આ નિયમોને વધુ કઠોર બનાવી રહી છે. તેમનું કહેવું છે કે, આ પ્રકારના બેડલોનમાં અતિ ઝડપથી વધારો થતાં તકલીફ ઉભી થઈ રહી છે. રિઝર્વ બેંકના નવા નિયમોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, બેંકોને ડિફોલ્ટના ૧૮૦ દિવસની અંદર રિઝોલ્યુશન પ્લાન તૈયાર કરવાના રહેશે. જો આવું નહીં કરી શકાય તો એ લોન એકાઉન્ટ દેવાળિયા તરીકે ગણાવીને કોર્ટમાં મોકલી દેવામાં આવશે. કેગ અને અન્ય સંસ્થાઓ દ્વારા કેટલાક મોટા કોંભાડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં કોલસા કોંભાડ, ટુજી કોંભાડ, કોમનવેલ્થ ગેમ્સ કોંભાડનો સમાવેશ થાય છે. આવા બીજા કોંભાડો પણ સપાટી પર આવ્યા છે.

લોકસભા ચૂંટણી : ભાજપ-શિવસેનાની પાસે મેળવવા માટે કંઈ નથી...

મહારાષ્ટ્ર : ભાજપ સામે પડકારો



ઉત્તરપ્રદેશ બાદ મહારાષ્ટ્રની ૪૮ સીટોના પરિણામ નિર્ણાયક બની શકે છે : કોંગ્રેસ-એનસીપી ગઠબંધન માટે ગુમાવવા માટે કંઈ નથી

લોકસભા ચૂંટણીને લઈને તમામ પાર્ટીઓ પોત પોતાની રણનિતી નક્કી કરવામાં હાલમાં વ્યસ્ત છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળની જેમ જ મહારાષ્ટ્રની પણ લોકસભા ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા રહી શકે છે. મહારાષ્ટ્રમાં શાનદાર સફળતા હાંસલ કરવાની બાબત પણ કેન્દ્રમાં સત્તા મેળવી લેનાર પાર્ટી માટે ઉપયોગી રહેનાર છે. મહારાષ્ટ્રમાં કેટલાક મુદ્દા પર મુખ્ય રીતે ચૂંટણી યોજાનાર છે. મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ સીટ રહેલી છે. જેથી તમામ પાર્ટી આ ૪૮ સીટો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મોદી લહેર વચ્ચે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને કુલ ૨૩ સીટો જીતી લીધી હતી. ભાજપને ૨૭.૬ ટકા મત હિસ્સેદારી મળી હતી. આવી જ રીતે શિવસેનાને ૧૮ સીટો મળી હતી. તેની મત હિસ્સેદારી ૨૦.૮ ટકા રહી હતી. કોંગ્રેસ પાર્ટીને બે સીટો મળી હતી. તેની મત હિસ્સેદારી ૧૮.૩ ટકા રહી હતી. જ્યારે વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસ પાર્ટીને ૧૭ સીટો, શિવસેનાને ૧૧ સીટો અને ભાજપને નવ સીટો મળી હતી.આવી સ્થિતીમાં કહેવામાં આવી શકે છે કે મહારાષ્ટ્રમાં કોઈ પણ પાર્ટી શાનદાર દેખાવ કરી શકે છે. કોંગ્રેસ પાર્ટીન સ્થિતી પણ એટલી ખરાબ રહેલી નથી. ચાર મહિના બાદ હવે લોકસભા અને નવ મહિના બાદ વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. આવી સ્થિતીમાં મહારાષ્ટ્રમાં હવે રાજકીય ગરમી રહી શકે છે. દિલ્હીમાં પણ હાલમાં ભાજપ સરકાર છે. રાજ્યમાં પણ ભાજપ સરકાર છે. રાજનેતાઓને ચિંતા સતાવી રહી છે કે પોતાની સીટો તેઓ જાળવી શકશે કે કેમ. કારણ કે ગઠબંધનના લોકો એકબીજાની સામે કાદવ ઉછાળી રહ્યા છે. આવી સ્થિતીમાં ખેડુતો તેમની વોટબેંક તરીકે છે. ભાજપે છેલ્લી ચૂંટણીમાં તેના સાથી પક્ષ શિવસેનાની સાથે મળીને ૪૮ પૈકી ૪૨ સીટો પર કબજો જમાવ્યો હતો. ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉતરેલી ભારતીય જનતા પાર્ટીએ સૌથી મોટી પાર્ટી બની જવામાં સફળતા મેળવી હતી. ભાજપ અને શિવ સેનાની વચ્ચે સંબંધ ક્યારેય એકદમ મજબુત રહ્યા નથી. શિવ સેના દ્વારા ભાજપ પર વારંવાર પ્રહારો કરવામાં આવ્યા છે. અનેક વખત લાગતુ હતુ કે સરકાર જતી રહેશે પરંતુ સરકાર હજુ પણ ચાલી રહી છે. મહિનાના ગાળા જ ચૂંટણી માટેનુ રણશિંગુ ફુંકાઈ જશે. ઉત્તરપ્રદેશ બાદ લોકસભાની સૌથી વધારે સીટ મહારાષ્ટ્રમાં રહેલી છે. મહારાષ્ટ્રમાં અનેક મુદ્દા પર આધારિત ચૂંટણી રહેનાર છે. ભાજપમાં હવે અટલ અને અડવાણીની જગ્યાએ મદી-શાહ યુગની શરૂઆત થઈ ચુકી છે. શિવસેનામાં પણ બાલ ઠાકરેના યુગની જગ્યાએ ઉદ્ધવ ઠાકરે હવે પક્ષ પ્રમુખ બની ચુક્યા ચે. ૩૦ વર્ષ સુધી મોટા ભાઈની ભૂમિકા અદા કરનાર શિવસેના હવે નાના ભાઈની ભૂમિકામાં છે. ખાસ બાબત એ છે કે બંને પાર્ટી વચ્ચે હનુમાનની ભૂમિકા અદા કરનાર પ્રમોદ મહાજન હવે આ દુનિયામાં રહ્યા નથી. શરદ પવાર હજુ મહારાષ્ટ્રમાં શક્તિશાળી નેતા તરીકેની છાપ ધરાવે છે. કોંગ્રેસ અને એનસીપીમાં પણ મતભેદોના અહેવાલ વારંવાર આવતા રહે છે. જો કે બંને પાર્ટી દ્વારા હાથ મિલાવી લેવામાં આવ્યા છે. જે તેમની રાજકીય મજબુરી છે. લોકસભા ચૂંટણીમાં પરિણામ શુ આવશે તે બાબત અંગે વાત કરવી મુશ્કેલ છે પરંતુ એક બાબત તો નક્કી છે કે ૪૨ સીટ છેલ્લી ચૂંટણીમાં હાંસલ કરનાર ભાજપ અને શિવસેના માટે મેળવવા માટે કઈ નથી. જ્યારે છ સીટો પર રહેલા કોંગ્રેસ અને એનસીપી માટે ગુમાવવા જેવી કોઈ ચીજ નથી. જેથી તે વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરી શકે છે. મહારાષ્ટ્રમાં તમામ સીટો પર ભારતીય જનતા પાર્ટી અને શિવ સેના જોરદાર તાકાત લગાવી દેવા માટે તૈયાર છે. આવી સ્થિતીમાં જો આ ગઠબંધનને નુકસાન થશે તો કેન્દ્રમાં બનનાર સરકાર પર તેની સીધી અસર જોવા મળશે.મહારાષ્ટ્રની ચૂંટણી પર તમામની નજર રહેશે. મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈની સીટો પર જોરદાર સ્પર્ધા રહેશે. શહેરી વિસ્તારોમાં કોણ કેવો દેખાવ કરે છે તે બાબત પણ તમામની નજર રહેશે. કોંગ્રેસ અને એનસીપી ગઠબંધન અને બીજી બાજુ ભાજપ-શિવ સેના ગઠબંધનન ક્સૌટી થનાર છે. લોકો નિર્ણાયક રહેશે.

મહારાષ્ટ્રમાં ખેડુત મુદ્દાઓથી દિશા નક્કી

મહારાષ્ટ્રમાં ખેડુત અને મરાઠા અનામતના મુદ્દા ચૂંટણીમાં મુખ્ય રીતે ચમકનાર છે. ખેડુતોના મુદ્દે હાલમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી વધારે અસરકારક દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં હાલમાં ખેડુતોના મુદ્દા પર રાજનીતિ ગરમ થયેલી છે. કોંગ્રેસના શાસનમાં પણ ખેડુતો દ્વારા મોટાપાયે આત્મહત્યા કરવામાં આવી રહી હતી. જ્યારે આજેપણ ખેડુતો દ્વારા આત્મહત્યાનો સિલસિલો જારી રહ્યો છે. આવી સ્થિતીમાં ભાજપ અને કોંગ્રેસ પાર્ટી આ મુદ્દાને સારી રીતે રજૂ કરવાની સ્થિતીમાં નથી. જેથી બંને પાર્ટી આ મુદ્દાને કઈ રીતે રજૂ કરે છે તે બાબત ઉપયોગી સાબિત થનાર છે. ૭૦ વર્ષના મધુકર સોપતેની પિડા રાજયના ખેડુતોની સ્થિતીને સમજી લેવા માટે પુરતી છે. સોપતે કહે છે કે ૧૨ વર્ષમાં પડનાર કુંભમાં દેશના કરોડો લોકો પહોંચે છે. પોતાના કષ્ટને દુર કરવા માટે લોકો ડુબકી લગાવે છે. તેઓ પાંચ કુંભમાં કેટલીક ડુબકી લગાવી ચુક્યા છે પરંતુ કષ્ટ હજુ રણ વધી રહ્યા છે. આ વખતે મહારાષ્ટ્રમાં ખેડુતોની સમસ્યા મુખ્ય મુદ્દા તરીકે રહેનાર છે. મરાઠા અનામત આંદોલન પણ રાજકીય ગરમી વધારી શકે છે. પોતાની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે દબાણ લાવવાના ઈરાદાથી ૪૦ હજાર ખેડુતો માર્ચ કરીને મુંબઈ પહોંચ્યા હતા. કેટલીક માંગણી સ્વીકારી લેવામાં આવી હતી. કેટલીક માંગ અંગે ખાતરી આપવામાં આવી હતી. છતાં સ્થિતી આજે એ છે કે ખેડુતોને વારંવાર માર્ગો પર દેખાવ કરવાની ફરજ પડે છે. ખેડુતોની આત્મહત્યાના કારણે મહારાષ્ટ્રની ચર્ચા હમેંશા દેશમાં રહે છે. અહીં જુદા જુદા વિસ્તારમાં ખેડુતોની આત્મહત્યા સૌથી વધારે પ્રમાણમાં છે. આના માટે વિવિધ કારણો સપાટી પર આવી રહ્યા છે. ખેડુતોના મુદ્દા પર રાજનીતી ગરમ છે. ખેડુત નેતા રવિકાંત તુપકર કહે છે કે સવા ચાર વર્ષથી ખેડુતો ભારે પરેશાન થયેલા છે. હવે ચૂંટણીમાં અમે અમારી તાકાત દર્શાવવા માટે તૈયાર છીએ. જે અમારી સાથે આવવા માટે ઈચ્છુક છે તેમનુ સ્વાગત છે. જો કે એક બાબત તો નક્કી છે કે આગામી સરકાર રાજ્યમાં ખેડુતોની રહેનાર છે. શેરડી, કપાસ, કેળા, કેરી અને અન્ય પાક અહીં સૌથી વધારે પ્રમાણમાં થાય છે.

ફલાવર શોમાં રૂ.૫૦ની ટિકિટથી ધસારો ઘટ્યો, ચાહકોને રાહત

અમદાવાદ

ગયા શનિવારની પ્રજાસત્તાક દિવસની જાહેર રજા તેમજ રવિવારની રજા એમ છેલ્લા શનિ-રવિની રજામાં તંત્ર દ્વારા ફલાવર શો માટે રૂ.૫૦ની એન્ટ્રી ફી રખાઇ હતી. સત્તાવાળાઓએ આ બે દિવસ માટે રૂ.૧૦ની એન્ટ્રી ફીમાં પાંચ ગણો વધારો કરતાં મુલાકાતીઓનો ધસારો ઘટયો હતો, પરંતુ આના કારણે ભીડ ઓછી થવાથી શોખીનોએ વધારે મોકળાશથી ફલાવર શોનો આનંદ માણ્યો હતો.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત તા.૧૬ જાન્યુઆરીથી રિવરફ્રન્ટના પશ્ચિમ કાંઠે આયોજિત ફલાવર શોમાં આ વખતે પ્રથમ વાર રૂ.૧૦ની એન્ટ્રી ફી રખાઇ હતી, તેમાં પણ ગત તા.૧૯-૨૦ જાન્યુઆરીના શનિ-રવિએ નહિવત્ એન્ટ્રી ફીના કારણે મુલાકાતીઓના અભૂતપૂર્વ ધસારાથી જે રીતે અંધાધૂંધી ફેલાઇ હતી તેને ધ્યાનમાં રાખીને સત્તાધીશોએ ગત તા.૨૬-૨૭ના શનિ-રવિએ રૂ.૫૦ની એન્ટ્રી ફી કરતાં આ બંને દિવસોએ કુલ ૫૦,૦૦૦ ટિકિટ વેચાઇ હતી, પરંતુ ભીડ ઓછી થવાથી ફૂલપ્રેમીઓને વિવિધ ફૂલ નર્સરી અંગેની જાણકારી મેળવવાના મામલે રાહત થઇ હતી.

જાણકાર સૂત્રો કહે છે, આગામી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી ફલાવર શો નાગરિકો માટે ખુલ્લો રહેશે. અત્યાર સુધીમાં ફલાવર શોનો ૧૦ લાખથી વધારે મુલાકાતીઓ લહાવો લઇ ચૂક્યા હોઇ તંત્રને રૂ.૧.૧૫ કરોડની જંગી આવક થઇ છે.

દરમિયાન અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં ગઇ કાલે છેલ્લો દિવસ હતો. આ ફેસ્ટિવલમાં રૂ.૧૩૮.૩૨ કરોડથી વધુનું વેચાણ થયું હોઇ ૧.૪૪ લાખ લોકો યુનિટ ખરીદી કરી ચૂક્યા છે. આજે સાંજે ૬.૩૦ વાગ્યે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે મુખ્યપ્રધાન વિજય રૂપાણીના હસ્તે ૫૧ બમ્પર ડ્રોનો ઇનામ વિતરણ સમારોહ યોજાશે તેમ આ ફેસ્ટિવલના પ્રમુખ જયેન્દ્ર તન્ના જણાવે છે.

અદાણી ફાઉન્ડેશન દ્વારા કન્યાઓ માટે સ્વાસ્થ્ય પોષણની તાલીમ

સુરત

અદાણી ફાઉન્ડેશન, હઝીરા અને ચેતના અમદાવાદના-સહયોગથી તા.૨૬ અને ૨૭ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ નવચેતન અદાણી વિદ્યાલય, જૂનાગામની પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓ માટે બે દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનો મુખ્ય હેતુ કિશોરાવસ્તા અને ત્યારબાદની ઉંમર દરમ્યાન થતાં શારીરિક, માનસિક અને સાવેગિક ફેરફારો અને તે દરમ્યાન જાળવવાનું સંતુલન વિશે સમજ આપવાનો હતો.

આ બે દિવસીય તાલીમ દરમિયાન વિદ્યાર્થીનીઓને વિવિધ પ્રવૃત્તિઓ, રમતો, જૂથચર્ચા દ્વારા પડતી મુશ્કેલીઓની માહિતી મેળવીને તેને નિવારવાના ઉપાય સૂચવવામાં આવ્યા. ખોરાક માટેની ચર્ચા, કિશોરાવસ્થા દરમિયાન ખોરાકમાં વર્તાતી ઉણપ અંગે પ્રોટીન, વિટામીન, આર્યન યુક્ત ખોરાક અને તેને બનાવવાની પદ્ધતિ, પોષણયુક્ત ખોરાકના અભાવે થતા રોગો તેના લક્ષણો અને બચવાના ઉપાય અંગેની ચર્ચા પણ વિદ્યાર્થીનીઓ સાથે કરવામાં આવી. આ શિબિરની મુલાકાત ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય ઝંખનાબેન પટેલે લીધી હતી અને આ પ્રકારના કાર્યક્રમો કરવા બદલ અદાણી ફાઉન્ડેશન અને શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

વિરાણી પરિવારે કન્યાદાન પૂર્વે બ્રેનડેડ કુટુંબના વડીલના અંગોનું દાન કર્યું

લિવર અને ચક્ષુઓનું દાન કરી ત્રણ વ્યક્તિને નવજીવન અને નવી દૃષ્ટિ આપી

સુરત,

બુધવાર તા. ૨૩જાન્યુઆરીના રોજ અરજણભાઈને સાંજે૭:૦૦ કલાકે ઉલ્ટીતેમજ શ્વાસની તકલીફ થતા તેઓને તાત્કાલિક સુરત ડાયમંડ એસોસીએશન સંચાલિત માતૃશ્રીરામુબા તેજાણી અને માતૃશ્રી શાંતાબા વીડીયા હોસ્પીટલમાં ફીજીશ્યન ડૉ.પારસ તેજાણીની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. નિદાન માટે MRI કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

ગુરુવાર તા.૨૪ જાન્યુ.ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. અમિત પતનવડીયા અને ફીજીશ્યન ડૉ. પારસતેજાણીએ અરજણભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યો.

ડૉ. ચંદ્રેશ ઘેવરીયાએ ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અરજણભાઈ ના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી અરજણભાઈના પુત્રો મનજીભાઈ, માવજીભાઈ, ગોરધનભાઈ, રમેશભાઈ, હિમ્મતભાઈ, પૌત્રો અમીરસ, અલ્પેશ, વિપુલ,ચિરાગ તેમજ પરિવારના અન્યો સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

સૌપરિવારજનોએ જણાવ્યું કેઅમારુંસ્વજન બ્રેનડેડ છે, અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે ત્યારે તેમનાઅંગોના દાન થકીઓર્ગનનિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટેઆપ આગળ વધો.ઉલ્લેખનીય છે કે વિરાણી પરિવારમાં અરજણભાઈના પુત્ર હિમ્મતભાઈની પુત્રી રીનાનાલગ્ન તા. ૨૭ જાન્યુઆરીનારોજ હોવા છતાં તેમના પુત્રોએઆ માનવતાના કાર્યને પ્રાધાન્ય આપી તેમના પિતાના અંગોનું દાન કરીને ત્રણ વ્યક્તિઓને નવું જીવન આપી, આવી પડેલી દુ:ખદ પરિસ્થિતિમાં પણ સમાજ માટે ઉદાહરણ રૂપ કાર્ય કરી સમાજને નવી દિશા બતાવી હતી. પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા નીલેશ માંડલેવાલાએ Institute of Kidney Diseases andResearch Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરીલિવરનું દાન લેવા આવવા માટેજણાવ્યું.

અમદાવાદનીInstitute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. વિકાસ પટેલઅને તેમની ટીમે આવી લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલાલિવરનું ટ્રાન્સપ્લાન્ટ ખેડાના રહેવાસી દિનેશભાઈ ઈશ્વરભાઈ પટેલઉ.વ. ૫૨માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદીઅને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

પોલીસની વાનમાંથી જ ડીઝલની ચોરી, કોન્સ્ટેબલના પુત્રોનું પરાક્રમ

અમદાવાદ

શાહીબાગ પોલીસ હેડક્વાર્ટરની પ્રિઝનર વાનમાંથી ડીઝલની ચોરી કરવાનું કૌભાંડ સામે આવતાં પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે. હેડક્વાર્ટર પાસે દસ માળિયા ટાવર પાસે પાર્ક કરેલી પ્રિઝનર વાનમાંથી ડીઝલની ચોરી કરવામાં આવી છે. આ ચોરી પાછળ કોઇ લૂંટારુ કે ચોર ટોળકી નહીં પરંતુ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા બે હેડ કોન્સ્ટેબલના પુત્રો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે બન્ને યુવક વિરુદ્ધમાં શંકા વ્યકત કરીને ગુનો દાખલ કર્યો છે.

નાના ચિલોડા વિસ્તારમાં આવેલા સાગર ટેનામેન્ટમાં રહેતા અને પોલીસ હેડક્વાર્ટરના એમ.ટી.વિભાગમાં હેડકોન્સટેબલ તરીકે ફરજ બજાવતા સરજિતસિંહ યાદવે સરકારી ગાડીઓમાંથી ડીઝલ ચોરી થવાનું કૌભાંડ પકડી પાડ્યું છે. ગઇ કાલે સરજિતસિંહ યાદવે માધુપુરા પોલીસ સ્ટેશનમાં બે પોલીસ હેડ કોન્સ્ટેબલના પુત્રો વિરુદ્ધમાં ચોરીની ફરિયાદ કરી છે.

ઘટનાની જાણ એમટી વિભાગના અધિકારીઓને થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જયારે માધુપુરા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ચોર ટોળકીઓએ પોલીસની ચાર પ્રિઝનર વાનમાંથી કુલ ૩૫૦ લિટર ડીઝલ ચોરી કરી હતી. વાનમાંથી ચોરી કોણે કરી હોઇ શકે તે મામલે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી.

અંદાજે ૨૪ હજાર રૂપિયાનું ડીઝલ આરોપીઓએ પોલીસની વાનમાંથી કાઢી લીધું હતું. ડીઝલ ચોરી પાછળ પોલીસને સિદ્ધરાજસિંહ અને દર્પણસિંહ પર શંકા જતાં તેમના વિરુદ્ધમાં ગુનો દાખલ કર્યો છે. પોલીસને શંકા જવા પાછળનું કારણ માત્ર એટલું જ છે કે જે પ્રિઝનર વાનમાંથી ડીઝલની ચોરી થઇ ત્યાં સિદ્ધરાજસિંહની કારનાં ટાયરના નિશાન છે. પોલીસે શંકાના આધારે બન્ને વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

રાંદેર રોડ સ્થિત પ્રેસિડેન્સી સ્કૂલમાં ૭૦મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

ડૉ. પ્રશાંતભાઈ કારીયાના હસ્તે ધ્વજવંદન

સુરત

રાંદેર રોડ સ્થિત પ્રેસિડેન્સી સ્કૂલ અને લાયન્સ ક્લબ ઓફ સુરત પ્રેસિડન્સી દ્વારા ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી સાથે સ્પોર્ટ્સવીકના સમાપનનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. ધ્વજવંદન જાણીતા Pediatrician ડૉ. પ્રશાંતભાઈ કારીયાના વરદ હસ્તે તેમજ સ્પોર્ટસ ડેના કાર્યક્રમનું મશાલ પ્રગટાવી તેમજ તિરંગા બલુન ઉડાડી પ્રિ. જે.એમ. નાયક તથા લાયન આશિષ બાફના, લાયન નાગજીભાઈ પટેલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રેસિડેન્સી સ્કૂલના ટ્રસ્ટી લાયન હિતેન્દ્ર ચુડાવાળા, લાયન પ્રા.એન.એમ. કારીયા તથા લાયન્સ ક્લબ પ્રેસિડેન્સીના સભ્યો લા. પ્રકાશ ગજજર, લા.નિરજભાઈ શાહ, લા.કિરીટભાઈ ગજજર, લા.નિલમબેન ગજજરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યા કુ.દીપિકા શુક્લએ કર્યું હતું.

વાઘાણીનું પૂતળું બાળતાં કોંગી મહિલાનો 'હાથ બળ્યો'

રાજકોટ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વિશે અશોભનીય વિવાદિત ઉચ્ચારણો કરનારા ગુજરાત ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી સામે કોંગ્રેસમાં રોષ ફેલાયેલો છે. રાજકોટમાં કોંગ્રેસની મહિલા કાર્યકરોએ રોષભેર વાઘાણીનું પૂતળું બાળ્યું હતું. જો કે આવેશમાં પૂતળું બાળતાં એક મહિલા કાર્યકરનો 'હાથ' પણ 'બળી' ગયો હતો. પૂતળાની આગની ઝાળ હાથમાં લાગી ગઈ હતી. જેના કારણે મહિલા કાર્યકરનો હાથ દાઝી ગયો હતો.

રાજકોટમાં મંગળવારે કલેક્ટર ઓફિસ પાસે કોંગ્રેસની મહિલા કાર્યકરોએ રોષભેર દેખાવો કર્યા હતા. મહિલા કાર્યકરોએ રેલી કાઢીને કલેક્ટરને આવેદન આપ્યું હતું. આ સાથે વાઘાણીનું પૂતળું બનાવી મહિલાઓએ તેને જાહેરમાં ચપ્પલોથી ફટકાર્યું હતું.

એ પછી આવેશમાં મહિલાઓએ પૂતળાને સળગાવી નાંખ્યું હતું. જો કે એ દરમિયાન પૂતળાની આગ એક મહિલા કાર્યકરના હાથમાં પણ લાગી હતી. જેના કારણે તેનો હાથ સહેજ દાઝી ગયો હતો. આસપાસની મહિલાઓ અને લોકોએ મહિલા કાર્યકરના સળગતા હાથને બુઝાવી નાંખ્યો હતો. તેના કારણે અનિચ્છનિય ઘટના બનતા અટકી ગઈ હતી.

કૃભકો દ્વારા ઓપન એર થિયેટર ગ્રાઉન્ડ પર ગણતંત્ર દિનની ઉજવણી

સમૃદ્ધ ભારત માટે ખેડૂતોનો વિકાસ જરૂરી છે : એમ.આર. શર્મા

સુરત

કૃષક ભારતી કો-ઓપરટીવ લિમિટેડ (કૃભકો) દ્વારા ૭૦મો પ્રજાસત્તાક દિન, ૨૦૧૯ ખૂબ આનંદ અને ઉત્સાહ સાથે કૃભકો ટાઉનશીપનાં ઓપન એર થિયેટર ગ્રાઉન્ડમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે,કૃભકોનાં ઓપરેશન્સ ડિરેક્ટર શ્રી એમ. આર. શર્મા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું, ત્યારબાદ સુરક્ષા વિભાગના કર્મચારીઓ, કેન્દ્રીય વિદ્યાલય અને ન્યુ ફ્લાવર સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરવામાં આવી. ''મહાત્માગાંધીનાં – ૧૫૦માં મહાત્મા ઉજવણી વર્ષ'' નાં સંદર્ભમાં બન્ને શાળાઓના વિદ્યાર્થીઓ અને બાલ ભવનનાં બાળકો (જાગૃતી મહિલા ક્લબ, કૃભકો સંચાલિત) દ્વારા દેશભક્તિના ગીતો અને નૃત્ય દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કૃભકો કર્મચારીઓ, તેમના પરિવારના સભ્યો અને અન્ય સહયોગીઓએ આ પ્રસંગની ઉજવણીમાં ભાગ લીધો હતો.

પ્રજાસત્તાક દિવસે સંબોધન દરમિયાન, શ્રી એમ. આર. શર્મા, ઓપરેશન્સ ડિરેક્ટર, કૃભકો એ સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી કે જેમણે પોતાના જીવનનું બલિદાન આપ્યું. તેમણે કહ્યું કે આપણે ''એક ભારત, શ્રેષ્ઠ ભારત'' ને ટકાવી રાખવાની અને આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં સ્વપ્નને વાસ્તવિકતા માં પરિવર્તિત કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ભારતનો આત્મા ગામડામાં રહે છે, તેથી ખેડૂતોનો વિકાસ એક સમૃદ્ધ ભારત માટે મહત્વપૂર્ણ છે. ટાઉનશીપ અને નજીકના વિસ્તારોને સ્વચ્છ અને હરિયાળા રાખવા માટે તેમણે ટાઉનશીપના રહેવાસીઓ દ્વારા લીધેલા ''ક્લીન કૃભકો, ગ્રીન કૃભકો''અભિયાનની પ્રશંસા કરી હતી. તેમણે તંદુરસ્ત અને સંતુલિત જીવનશૈલી જાળવવા પર અને રમતોના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કૃભકો કર્મચારી સંઘ અને ક્રિભકો ઓફીસર્સ એસોસિએશન દ્વારા મળેલા સહકાર અને સમર્થનની પ્રસંશા કરીહતી.

શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરવા ૩૦મી જાન્યુ.એ બે મિનિટ મૌન પળાશે

ગાંધીનગર

મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિતે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, સવારે ૧૧ કલાકે બે મિનિટ મૌન પળાશે. સમગ્ર રાજયમાં શકય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ દરમિયાન બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શકય હોય તો ભેગા મળી, મૌન પાળે. જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે અંગે સરકાર દ્વારા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઇ છે.

મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી ફરીથી સાયરન વાગશે, ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો તમામ સંબંધિત કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ નિર્દિષ્ટ સમયે વગાડવામાં આવશે.

મહેસાણા, પાટણ અને બનાસકાંઠાને ધરોઈ ડેમનું પાણી અપાશે

મહેસાણા

ધરોઇ ડેમમાં મર્યાદિત પાણીને લઇ આગામી ઉનાળાની ઋતુમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પાણીની અછત ન વર્તાય તે માટે જાન્યુઆરીની જેમ ફેબ્રુઆરીમાં પણ ૩ જિલ્લાને દરરોજ ૧૫.૫ કરોડ લિટર પાણી આપવામાં આવશે. ધરોઇ ડેમમાં ૨૮ ફેબ્રુઆરીની સવાર સુધીમાં કુલ ૧૯,૯૬૯ કરોડ લિટર પાણીનો જથ્થો સમાયેલો છે. તે પૈકી ૬૬૭૫ કરોડ ડેડ સ્ટોરેજને બાદ કરતાં ૧૩,૨૯૪ કરોડ લિટર પાણીને સીધા વપરાશમાં લઇ શકાય છે. ત્યાર બાદ માર્ચ મહિનાથી જરૂરિયાત મુજબ પાણી આપવામાં આવશે.

ખેડૂતો આનંદો... ૨૧ ગામોને સિંચાઈ અને પીવાનું પાણી મળશે

જુનાગઢ

જુનાગઢ સિંચાઈ વિભાગની સરાહનીય કામગીરીથી ૨૧ ગામોના ખેડૂતોને પાણીનો પ્રશ્ન ઉકેલાયો છે.ખેડૂતોને સિંચાઈ માટે અને લોકોને પીવા માટે પુરતું પાણી મળી રહેતા ગામલોકોમાં ભારે આનંદની લાગણી ફેલાય છે.

ચાલુવર્ષે ચોમાસામાં ખુબ ઓછા ડેમ ઓવરફલો થયા હતા. જેમાં બાદલપુર નજીક આવેલા ઓઝત-૨ ડેમ સૌથી પહેલા ઓવરફલો થયો હતો. જેની પાછળ સિંચાઈ વિભાગની સુઝ-બુઝ કામ આવી હતી. ચોમાસા પહેલા સિંચાઈ વિભાગે રૂફ લેવલ ગાંધીનગર આપવાનું હોય છે. જેમાં ચોમાસામાં જૂનાગઢ સિંચાઈએ રૂફ લેવલ વધારો કરી આપ્યું હતું. પરિણામે પ્રથમ વરસાદમાં ૫૦ ટકા ડેમ ભરાઈ ગયો હતો અને સૌથી પહેલા ડેમ ઓવરફલો થયો હતો.

સૌરાષ્ટ્રનાં જુજ ડેમો માનો એક ઓઝત-૨ ડેમ સૌથી પહેલા ઓવરફલો થયો હતો. રૂફ લેવલમાં એક મિટરનો વધારો કરી આપ્યો હતો જેના કારણે પ્રથમ વરસાદે જ ૫૦ ટકા ડેમ ભરાઈ ગયો હતો. તેમજ હાલ ડેમમાં ૫૮.૧૦ ટકા પાણી છે. જેમાંથી ઓઝત-૨ જુથ યોજના હેઠળ ૩૪૫ ગામ અને ૯ સિટીને પીવાનું પાણી ચોમાસા સુધી ચાલશે.

બીજી તરફ જિલ્લાનાં અનેક ડેમો ખાલી થવાનાં આરે છે ત્યારે ઓઝત-૨ ડેમમાં પાણીનો પુરતો જથ્થો છે. જેમાંથી ૮૬૯ હેક્ટરમાં ડેમનો ઘેરાવ છે અને હાલ ૨૧ એમ.સી.એફ.ટી પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.હાલ ૧૬૦૦ હેક્ટરમાં સિંચાઈનું પાણી આપવામાં આવે છે. જેથી ખેડૂતોને મોટો ફાયદો થયો છે.



સુરતનાં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં ગણદેવાના હરિપરા ફળિયા આગળ ખ્રિસ્તી ધર્મના ભાઈ-બહેનો સામે પ્રવેશબંધી ફરમાવતા લખાણથી વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ હળપતિ સમાજના અગ્રણીઓએ આ બેનરો લગાવી દીધા છે અને તેના કારણે વટાળ પ્રવૃત્તિના મુદ્દે ફરી વિવાદ થયો છે. આ ઘટના પ્રકાશમાં આવતા જ ગણદેવી પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. જોકે, ગામમાં હાલ શાંતિપૂર્ણ માહોલ જોવા મળતા પોલીસે હાશકારો અનુભવ્યો છે.

પરિણીતાને મેસેજ મોકલનાર ભાઈ અને બહેન ઉપર હુમલો

હુમલો કરી ભાઈ-બહેનને મારી નાખવાની ધમકી

સુરત

'તું મારી પત્નીને મેસેજ કેમ મોકલે છે' તેમ કહી હુમલોકર્યાનો બનાવ સરથાણા પોલીસ મથકે નોંધાયો હતો.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા જકાતનાકા સંતદેવીદાસ સોસાયટીમાં રહેતા દિવ્યેશભાઈ મનસુખભાઈ તાપસીયાએ આરોપી જીગ્નેશ બાબુભાઈ સભાડીયા તથા અન્ય અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તું મારી પત્નીને મેસેજ કેમ મોકલે છે, તેમ કહી ગાળાગાળી કરી ફરિયાદી તથા તેની બહેન ઉપર હુમલો કરી મારી નાખવાની ધમકી આપી હતી. સરથાણા પોલીસે દિવ્યેશ તાપસીયાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

બાળકી સાથે એચઆઈવીગ્રસ્ત પુરુષે દુષ્કર્મ આચરતા ખળભળાટ

સુરત

નાની બાળકીઓ સાથે શારીરિક અડપલા અને દુષ્કર્મની ઘટનાઓ છાસવારે બને છે. આવી જ એક ઘટના સુરતમાં બની છે જેમાં એક એચઆઈવી ગ્રસ્ત પુરુષે ૧૦ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ કર્યું છે. કપડા સીવી આપવાની લાલચે બે સંતાનોના પિતાએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું છે. આરોપી એચઆઈવી ગ્રસ્ત હોવાના કારણે બાળકીને એન્ટી ડોઝ આપવામાં આવ્યા છે. જ્યારે આ અંગે પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

મળતી માહિતી પ્રમાણે સુરતના વેડ રોડ ઉપર પાડોશમાં રહેતા દરજી દ્વારા ૧૦ વર્ષીય બાળકી ઉપર દુષ્કર્મ આચર્યાની ઘટના બની છે. કપડાં સીવી આપવાની લાલચ આપીને નરાધમે બાળકીને હવસનો શિકાર બનાવી હતી. ઘટનાની જાણ થતાં પરિવારે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પ્રાથમિક તપાસમાં જણવા મળ્યું હતું કે, આરોપી એચઆઈવી ગ્રસ્ત છે જેના પગલે બાળીકને પણ એન્ટી ડોટ આપવામાં આવ્યા હતા. પોલીસે આરોપીની અટકાયત કરીને મેડિકટલ ચેકઅપ કરાવ્યું હતું. નરાધમ આરોપી બે સંતાનો પિતા હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું.

સરથાણામાં ઓટો એક્ષ્પો ૨૦૧૯માંથી રૂા. ૧.૨૪ લાખનો મોબાઈલ ફોન ચોરાયો

ઓટો એક્ઝિબિશનમાંથી કિંમતી ફોન ચોરાતા પોલીસે સીસી ટીવીની તપાસ આદરી

સુરત

સરથાણા ચેમ્બર ઓફ કોમર્સના કોન્વોકેશન હોલમાં ચાલી રહેલા ઓટો એક્ષ્પો એક્ઝિબિશનના યામાહા શો રૂમ પાસેથી વેપારીનો રૂપિયા ૧.૨૪ લાખની કિંમતનો મોબાલ ફોન ચોરાયો હતો.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અડાજણ વાડીયાનગર સોસાયટીમાં રહેતા કેતનુકમાર પ્રવીણચંદ્ર મોતીવાલાએ અજાણ્યા વ્યકિત સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવી ફૂટેજ ચેક કરી તપાસ હાથ ધરી છે.

અત્રો નોંધનીય છે કે સરસાણા હોલ ખાતે યોજાતા પ્રદર્શનમાં વારંવાર ચોરીની ઘટનાઓ બને છે. હાઈટેક સીસીટીવી કેમેરાની નિગરાની હેઠળ યોજાતા પ્રદર્શનમાં વધતી ચોરીની ઘટનાથી ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ પણ ચિંતિત થઈ ગયા છે.

ગણતંત્ર દિને કે.પી. ગ્રુપ દ્વારા ધ્વજવંદન

સુરત

૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિવસે કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (કે.પી. ગ્રુપ) દ્વારા ફીરદોશ ટાવર, અડાજણ પાટીયા સુરત ખાતે સવારે ૯.૪૫ કલાકે ભરતભાઈ સી. ગોધાણીના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓ આયશા, ઉંમર, ધ્વનિ, અમન, મુબીન, સરીતા, અફજલ, સલમા, અલી વિજેતાઓને કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂક પટેલ હસ્તક ઈનામો વહેંચવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સેક્રેટરી અફ્ફાન પટેલે કર્યું હતું.



સુરત માં લગ્નની સીઝન અને ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા પણ નજીક આવી રહી છે. ત્યારે લગ્ન સિઝન દરમિયાન બેન્ડ બાજા અને ડીજે જોવા મળે છે. આ ડીજે રાતે વગાડવામાં આવતા હોવાથી તેનાથી અવાજ પ્રદુષણ ફેલાતુ હોય છે. અવાજ પ્રદુષણથી અનેક એવી સમસ્યા છે કે જેને લઈને સુરત પોલીસ કમિશનરે નવો પરિપત્ર બહાર પાડ્યો છે. પોલીસ સમગ્ર સાઉન્ડ સિસ્ટમ કબજે કરશે. એટલું જ નહીં સિસ્ટમ તો કબજે થશે પણ સાથો સાથ ફરિયાદ પણ દાખલ થશે. જે બાદ હવે સુરત પોલીસ પણ અલર્ટ થઈ છે અને રાતે ૧૦ વાગ્યા બાદ જે લોકો ડીજે વગાડશે તેમના પર કાર્યવાહી હાથ ધરશે.

લગ્ન પ્રસંગે હવામાં ગોળીબાર કરનાર વિરુદ્ધ ગુનો દાખલ થયો

ધોરણ પારડી ગ્રામ પંચાયતની વાડીમાં ફાયરિંગ

સુરત

કામરેજ ધોરણ પારડી ગ્રામ પંચાયતની વાડીમાં યોજાયેલા લગ્ન પ્રસંગમાં હવામાં ફાયરિંગ કરનાર વ્યકિત સામે કામરેજ પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો. તાજેતરમાં સુરત શહેરના વરાછા વિસ્તારમાં લગ્ન પ્રસંગની વરઘોડામાં હવા ફાયરિંગમાં અગાસી ઉપરથી જાન જોતા મહિલાને ગોળી વાગતા મૃત્યુ થયું હતું. સુરત શહેર જિલ્લામાં વરઘોડામાં ગોળીબાર કરવાનો શોખ વધતો જાય છે. જેની સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં ઢિલાશ વર્તવામાં આવી રહ્યું છે.

કામરેજ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કામરેજના ધોરણ પારડી આહિર ફળિયામાં રહેતા જીતુભાઈ રાઘુભાઈ ભડીયાદરા (ભરવાડ)ના પુત્રનો લગ્ન પ્રસંગની વાડીમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંબંધી પંકજભાઈ પાળાભાઈ ભરવાડે (રહે. ક્રિષ્નાનગર વલથાણ, ભટાર રોડ) પોતાની પાસેથી રિવોલ્વરથી આડેધડ ફાયરિંગ કર્યું હતું. આ બનાવ અંગે કામરેજ પોલીસે ફરિયાદ નોંધી હતી.

વેડરોડ કુબેરપાર્ક અને ઉમરાગામ કરુણા સાગર સોસાયટીમાં ચોરી

સુરત

શહેરમાં ચોરીના બે બનાવમાં રૂા. ૧.૦૬ લાખની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં વેડરોડ કુબેરપાર્ક સોસાયટી રૂક્ષ્મણી રેસિડેન્સીમાં ફલેટ નં. ૪૦૨માંથી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા. ૬૪૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. બનાવ અંગે ફલેટના માલિક સુભેન્દ્ર મદનદાસે કતારગામ પોલીસે મથકે ફરિયાદ નોંધાવી હતી.

ચોરીના બીજા બનાવમાં ઉમરાગામ કરૂણા સાગર સોસાયટી ઘર નં. ૧૯માંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂા. ૪૨,૦૦૦ની ચોરી કરી ગયા હતા. ઘર માલિક જતીનકુમાર મનસુખલાલ સાડીવાળાએ ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

નવનિર્મિત બિલ્ડીંગ પરથી નીચે પટકાયેલા ૨૨ વર્ષીય યુવાનનું મોત

સુરત

સિટી લાઈટ જીડી ગોયકા સ્કૂલ નજીક એક નવનિર્મિત બિલ્ડીંગના ૨૨ ફૂટ ઉંચાઈએથી નીચે પટકાયેલા ૨૨ વર્ષના યુવાનનું ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. મૂળ બિહારનો વતની મોહમ્મદ અશરફ ૧૫ દિવસ પહેલા જ રોજગારીની શોધમાં સુરત આવ્યો હતો. બીજા માળે ખુલ્લી જગ્યામાં મુકેલી લોખંડની ચેનલ વેલ્ડીંગમાંથી તૂટી જતા મોહમ્મદ અશરફ લોખંડના સામાન સાથે નીચે પટકાયો હોવાનું સાથી મિત્રોએ જણાવ્યું હતું.

અસલમ (મૃતકનો ભાઈ) એ જણાવ્યું હતું કે ઘટના સોમવારની સાંજે લગભગ ચાર વાગ્યાના અરસામાં બની હતી. અશરફ ઈકો ગાર્ડન નામના પ્રોજેક્ટના બીજા માળે મજુરી કામ કરતો હતો. જ્યાં ૨૨ ફૂટ એક ખુંલ્લી જગ્યા પર ચેનલ મૂકી અશરફ ભારી ભરખમ સામાન લોર્ડ કરતો હતો. અચાનક વેલ્ડીંગ વાળી ચેનલ તૂટી જતા અશરફ ૨૨ ફૂટની ઉચ્ચાઈથી નીચે પટકાયો હતો. ત્યારબાદ તેની ઉપર લોખડનો સમાન પડતા તેને ગંભીર ઈજા થઇ હતી. ઘટના બાદ તમામ મજૂરો ભેગા થઈ ગયા હતા. અશરફ ને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. જયાં તેનું મધરાત્રે મોત નીપજ્યું હતું. વતનવાસી બાબુલભાઈના લેબર કોન્ટ્રાક્ટરમાં અશરફ ૪૦ મો મજૂર હતો.

સંબંધની મીઠાસ હશે તો સહુ કોઈ તમારી સાથે છે : શ્રી પદ્મદર્શન વિજયજી

પાલમાં જૈન સંઘમાં પૂજ્ય પન્યાસ પદ્મદર્શન વિજયજીનું પ્રવચન

સુરત

પાલ સ્થિત શ્રી પરમ જિન ભદ્ર શાંતિ શ્રી શ્વે. મૂ.પૂ. જૈન સંઘ ખાતે પૂજ્ય પંન્યાસ શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, જીવનના ક્ષેત્રે ભીનાશ હશે તો દુનિયા તમારી મુઠ્ઠીમાં આવી જશે. પણ જો હૃદયમાં શુષ્કતા હશે તો તમે બધેથી ફેંકાઈ જશો. તમે ક્યારે પણ એવું નહીં માનતા કે હું બધાથી છુટો પડી ગયો છું. મારી સાથે કોઈ સારો વ્યવહાર કરતું નથી. તમે કોઈની સાથે જો સેટ ન થઈ શકતા હો તો તમારી સાથે કોણ સેટ થશે ? તમે સહુની સાથે સંબંધની મીઠાસ રાખતા હશો અને વ્યવહાર ક્ષેત્રે સૌજન્યતા બતાવતા હશો તો સહુ તમારી સાથે જ છે. જ્યાં ભક્તિ છે ત્યાં જ ભીનાશ છે.

પ્રભુની સામીપ્ય તેને જ પ્રાપ્ત થાય કે જેના હૈયામાં સદ્‌ભાવની સરિતા વહેતી હોય. તમારા પરિવારજનો તમારી ગેરહાજરીની નોંધ લેતા હોય અને તમને ખૂબ ચાહતા હોય તો સમજ જો કે પ્રભુ તમારાથી ખૂબ પ્રસન્ન છે. પ્રવૃત્તિના ધર્મથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી પણ પરિણતિના ધર્મથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. જેમ જેમ રાગ દ્વેષ ઘટતા જાય અને વિષય કત્રાય માંદા પડતા જાય તેમ તેમ મોક્ષ માર્ગની નીકટતા વધતી જાય છે. જેને માનો ખોળો મળ્યો છે અને બાપનો ખભો મળ્યો છે તે અત્યંત નશીબદાર છે. માં પ્રેરણાની પરબ છે. પિતા પ્રેમનું પાવર હાઉસ છે.

અજ્ઞાનતા અને આસક્તિનાં કારણે માનવ જીવનની બરબાદી થાય છે. અજ્ઞાનતા એ જ ગુનો છે. સમજણના ઘરમાં પ્રવેશ નહીં થાય ત્યાં સુધી ાત્મવિકાસની કોઈ શક્યતા નથી. આજે માણસ મકાન બનાવી રહ્યો છે પણ એને ઘર બનાવતા આવડતું નથી. મકાન સિમેન્ટ, રેતી અને સળીયાથી બને છે. પણ એમાં જો ભ્રષ્ટાચાર થયો હોય તો ગમે ત્યારે તૂટી પડે છે. ઘર સ્નેહ, સદ્‌ભાવ અને લાગણીથી બને છે. એમાં જે કચાશ હશે પરિવાર રૂપી માળો ગમે ત્યારે પીખાઈ જશે. માં બાપની મોટી જવાબદારી સંતાનોના જીવન ઘડતરની છે. એમાં જો બેદરકારી રહી તો તમારા સંતાનોનું જવન ખાડામાં જશે.

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-ચુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા — કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ — AC Deluxe Hotel • AC 2 x 2 Volvo Bus — દિવસ-૮ ₹ 24500/-pp
દિલ્હી-અક્ષરધામ — હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, મોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — દિવસ-૬ ₹ 9000/-pp
નેપાળ-કાઠમંડુ — પોખરા, બનારસ, મનોકામનાદેવી, ત્રિશુલ, અલ્લાહાબાદ, અયોધ્યા, ગોરખપુર — AC Bus • દિવસ-૯ ₹ 14800/-pp
સ્પે.હનીમુન ટુર — દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, કેલાંગ, જાજુમાર, પાલ બોર્ડર, અમૃતસર — Nap AC Bus — દિવસ-૯ ₹ 17200/-pp
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઈનાલ, મદુરાઈ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબલીપુરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — AC 2x2 પુશ બેક બસ — દિવસ-૧૨ ₹ 23500/-pp
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

iSC Indian Steel Corporation Ltd. durashine TATA BLUESCOPE STEEL LOTUS JINDAL VISHWAS Manaksia Limited JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હયુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ કલીનિક
ઘોડદોડ રોડ — ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા — એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ — જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

મોબાઈલ ફોનની બાળકની આંખ પર અસર: આંખ ઉઘાડી દે તેવો અમદાવાદનો કિસ્સો

મોબાઈલ ફોન કોઈ બાળકની આંખ પર કેટલી મોટી અસર કરી શકે તેનો અમદાવાદનો એક કિસ્સો આંખ ઉઘાડી દે તેવો છે. અમદાવાદના એક બાલમંદિરમાં સિનિયર કે.જી.માં ભણતો એક પાંચેક વર્ષનો છોકરો સતત મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહેતો. તે એક મિનિટ પણ ફોનને અળગો ના કરે. જુદી જુદી ગેમ્સ રમ્યા જ કરે. ઘરે પણ એ જ હાલત. અચાનક એક દિવસ એવું થયું કે તેની બન્ને આંખોની કીકી નાકની બાજુ આવી ગઈ. એમ કહો કે એ છોકરો અર્ધ અંધજન થઈ ગયો. તેનું વિઝન એકદમ સીમિત થઈ ગયું. આંખના ડોક્ટરોને બતાવ્યું તો તારણ એવું મળ્યું છે જ્યારે એ બાળક ૧૮ વર્ષનો થશે ત્યારે ઓપરેશન કરીને તેની કીકીઓને સરખી કરી શકાશે. ત્યાં સુધી તેને સીમિત વિઝનથી કામ ચલાવવું પડશે.

માની ના શકાય તેવી વાત હવે આવે છે. એ બાળકનાં માતા અને પિતા બન્ને ડોક્ટર છે ! ડોક્ટર માતા-પિતાનું પાંચ વર્ષનું બાળક મોબાઈલ ફોનના અતિરેકથી કામચલાઉ રીતે દિવ્યાંગ (અંધ) થયું. આંખ ઉઘાડી નાખે તેવો આ કિસ્સો છે. (માતા-પિતા બન્ને ડોક્ટર હોવાથી પોતાના હોસ્પિટલમાં અત્યંત વ્યસ્ત (અસ્તવ્યસ્ત એમ વાંચો) રહેતાં હતાં અને પોતાના બાળકને બિલકુલ સમય આપી શકતાં નહોતાં. બાળક આખો દિવસ મોબાઈલ ફોન લઈને તેના પર ગેમ્સ રમ્યા કરતું હતું. તેનું આ પરિણામ આવ્યું.

આ કિસ્સામાં બાળકનો ઓછો વાંક છે, મોબાઈલ ફોન તો આ કિસ્સામાં બિલકુલ નિર્દોષ છે. આ ઘટના માટે જો સૌથી વધુ જવાબદાર હોય તો તેનાં બેજવાબદાર માતાપિતા છે. તેમણે ધ્યાન રાખવાની જરૂર હતી.

જોકે એ એકલાં માતાપિતા જ આવાં છે, એમ પણ નથી. ઘરે ઘરે ગેસની સગડી જેવી સ્થિતિ છે. બધે આમ જ છે. નાનાં બાળકો મોબાઈલ ફોનને ચોંટેલાં જ રહે છે. કોઈનું માનતાં નથી. બાળકો ના માને તોય, તેમના હિતમાં, તેમના આરોગ્યના હિતમાં માતાપિતાઓએ (પહેલાં પોતે ફોનનો મર્યાદિત ઉપયોગ કરવાનું શીખી લીધા પછી) બાળક પર કડક થવું જ જોઈએ. બાળકોને પ્રેમથી, શાંતિથી, ધીરજથી સમજાવવાં જોઈએ. જો ના સમજે કે ના માને તો કડક અને સખત કડક થઈને મોબાઈલ ફોનથી તેમને અળગાં જ રાખવાં જોઈએ. આ કામ અઘરું છે, પણ અશક્ય નથી.

'પરીક્ષા પર ચર્ચા' : પીએમ મોદીએ તણાવ મુક્ત રહેવાનો મંત્ર આપ્યો

ગ્રેજ્યુએશનના કારખાનામાં ન જાવ, પોતાની ક્ષમતા ઓળખો : પીએમ મોદી

રશિયા, ઈરાન સહિત ૮ દેશના વિદ્યાર્થીઓ ભાગ લીધો

ન્યુ દિલ્હી

દિલ્હી ખાતે આયોજિત પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં પીએમ મોદીએ વિદ્યાર્થીઓ સાથે લાઈવ સંવાદ કર્યો, અનેક સવાલોના જવાબ આપ્યા. કયા વિષયમાં કઈ સ્ટ્રીમમાં કેરિયર બનાવવી? અંગે પુછાયેલા સવાલનો જવાબ આપતાં પીએમ મોદીએ કહ્યું કે, સાયન્સ મેથ્સનું પોતાનું મહત્વ છે પરંતુ અન્ય વિષયોનું પણ એટલું જ મહત્વ છે. સાયન્સ અને મેથ્સનું મહત્વ હોવા છતાં એ બાજુ જરૂરી સંખ્યા નથી એ પણ એ ચિંતાનો વિષય છે. કેટલાક લોકો એવા છે કે જે ગ્રેજ્યુએશનના કારખાનામાં જશે અને બહાર આવશે. મારી અપીલ છે કે દબાવમાં આવીને કોઈ નિર્ણય ન લેતાં. તમારી ક્ષમતાને ઓળખો અને કારકિર્દી બનાવો. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના બે હજાર વિદ્યાર્થીઓ, વડીલો અને શિક્ષકોએ ભાગ લીધો છે. આ કાર્યક્રમમાં ૯થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ સામેલ થયા. જયારે અમુક વિદ્યાર્થીઓ કોલેજના હતા.

દરેક સરકારી અને માધ્યમિક શિક્ષા બોર્ડની સ્કૂલ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં કાર્યક્રમના સીધા પ્રસારણની વ્યવસ્થા કરવામાં આવી. કાર્યક્રમનો ઉદ્દેશ બોર્ડની પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓને તણાવ મુક્ત કરવાનો અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતાં પીએમ મોદીએ સાયન્સ અંગે પુછાયેલા સવાલનો ઉંડાણતી જવાબ આપ્યો હતો. એમણએ કહ્યું કે, સાયન્સ મેથ્સ મહત્વના છે પરંતુ અન્ય વિષયોનું મહત્વ પણ ઓછું નથી. પરંતુ મહત્વની વાત એ છે કે ગ્રેજ્યુએશનના કારખાનામાં જવાને બદલે વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતા ઓળખીને વિષય પસંદ કરવો જોઈએ.

તમારી જાતને કસોટીના ત્રાજવામાં નહીં જોખો તો રોકાઈ જશો, જીંદગીનો મતલબ થાય છે એને જી જાનથી મચી પડવું, સપના પણ હોવા જોઈએ, અપેક્ષાઓ પણ હોવી જોઈએ, પરંતુ પ્રેસરથી પરિસ્થિતિ બગડે છે. ક્યારેક આપણે બાળકોની મનોસ્થિતિ એવી હોય છે કે આપણે એવું વિચારવા લાગીએ છીએ કે માતા પિતા કંઇ સમજતા જ નથી. પહેલા હું વિદ્યાર્થીઓને એ કહેવા માગું છું કે તરત રિએક્ટ ન કરો. સાંભળો, વિચારો. એમને એવું લાગશે કે તમે એમને સાંભળી રહ્યા છો. મમ્મીને એવું પુંછો કે મમ્મી મને આમાં ખબર ન પડી પછી જુઓ મમ્મી તમને કહેશે કે મે તને ઘણું કહી દીધું.

જયારે મનમાં પોતીકાપણાનો ભાવ પેદા થાય છે તો પછી શરીરમાં ઉર્જા આપમેળે આવી જાય છે થાક ક્યારેય ડોકિયુ કરતો નથી. મારા માટે પણ દેશના સવા સો કરોડ દેશવાસી મારો પરિવાર છે. વાલીઓની મહત્વાકાંક્ષાઓ હોય છે. બાળકોને દબાણ આપવાથી સ્થિતિ બદલાઈ જાય છે. બાળકોની ક્ષમતાને ઓળખવાનો પ્રયત્ન કરો. બાળકો પર પ્રેશર નાંખો નહીં.

તમિલનાડુના એક વિદ્યાર્થી નરેન્દ્રએ પીએમ મોદીને પ્રશ્ન પૂછ્યો કે તમે ટાઈમ મેનેજમેન્ટ કેવી રીતે કરો છો. તેના જવાબમાં પીએમએ જણાવ્યું કે ભગવાને તમામને ૨૪ કલાક આપ્યા છે. બધાએ ટાઈમ મેનેજમેન્ટ કરવું જોઈએ. ટાઈમ મેનેજમેન્ટ વગર આગળ આવી શકાય નહીં. જે લોકો સફળ થાય છે, તેમના પર સમયનું દબાણ હોતું નથી. એટલા માટે કારણ કે તેઓ પોતાના સમયની કિંમત જાણતા હોય છે.

અન્ય એક પ્રશ્નમાં પીએમને પૂછવામાં આવ્યું કે તમે આટલા ઉર્જાવાન કેવી રીતે રહી શકો છો. તેના પર તેમણે જણાવ્યું કે જયારે મનમાં પોતાનાપણાની ભાવના ઉત્પન થાય છે ત્યારે શરીરમાં ઉર્જા આપોઆપ સ્ફૂરે છે અને થાક ક્યારે ઘરના ઊંબરે ચઢતો નથી. મારા માટે પણ દેશના સવા સો કરોડ દેશવાસીઓ મારો પરિવાર છે.

આ કાર્યક્રમમાં શિક્ષકો માટે 'શિક્ષકો કી સોચ' અને વડીલો માટે 'મેરી પરીક્ષા નાયક સે સીખના' થીમ પણ રાખવામાં આવી. વિદેશી વિદ્યાર્થીઓમાં રશિયા, નાઈજીરિયા, ઈરાન, નેપાલ, દોહા, કુવૈત, સાઉદી અરબ અને સિંગાપોરના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સામેલ થયા. આ વર્ષે ૧૦ મિનિટનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો.

શૈક્ષણિક પ્રવાસ માટે જરૂરી સુચનાઓનું પાલન કરવા જણાવતા જિલ્લા શિક્ષણાધિકારી


વલસાડ

વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગરૂપે શાળાઓમાંથી વિવિધ સ્થળે પર્યટન સ્થળોની મુલાકાત, વ્યકિત , સંસ્થાઓ, મ્યુઝિયમ/ પ્રદર્શનની મુલાકાત અને પ્રવાસ કરે તે જરૂરી છે. શૈક્ષણિક હેતુઓ માટે પ્રવાસ કરે તે અનિવાર્ય છે. આ પ્રવાસ કે મુલાકાત માટે બાળકોને લઈ જવા ઇચ્છતી શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવાનું રહેશે તેમજ મંજુરી પત્રક, શૈક્ષણિક હેતુઓ, પ્રવાસમાં જનારની વિગત, ન જનારની વિગત તથા વાહનની સંભવિત વિગતો રજુ કરવાની રહેશે. પ્રવાસ અંગેની જરૂરી સુચનાઓની જાણકારી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સેવાસદન-૧ પાંચમા માળે, વલસાડ ખાતેથી મળી રહેશે તેમ જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ દ્વારા જણાવાયું છે.

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને, પ્રતિષ્ઠિત વ્યાપારી
ESSAR 24 CARAT STEEL
BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇજ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક

022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી

: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

દાંડી તરફ આવતા-જતા ભારે વાહનો પર પ્રતિબંધ લાગુ કરાયો

વડા પ્રધાન મોદીના કાર્યક્રમ સંદર્ભે ટ્રાફિકની વિશેષ વ્યવસ્થા

નવસારી

કાલે તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજ વડા-ધાન શ્રી નરેન્દ્રાભાઈ મોદી નવસારી જિલ્લાના જલાલપોર ખાતે આવેલ દાંડી સોલ્ટ૧ સત્યાલ્ગ્રહ મેમોરીયલના ઉદ્ઘાટન તથા જાહેરસભાના કાર્યક્રમમાં પધારનાર છે. આ કાર્યક્રમમાં જનમેદની એસ.ટી. તથા ફોર વ્હી લર મારફતે કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર હોવાથી કાર્યક્રમ દરમિયાન ટ્રાફિક નિયમન જળવાઇ રહે તે માટે તા.૩૦/૦૧/૨૦૧૯ ના દિન-૦૧ રોજ ભારે વાહનોના અવરજવર ઉપર દાંડી તરફ જતાં (એસ.ટી.બસ સિવાયના) ભારે વાહનોના અવરજવર ઉપર એકમાર્ગીય -તિબંધ ફરમાવ્યોજ છે.

જેમાં એરૂ ચાર રસ્તાયથી આટ થઇ દાંડી તરફ જતો રસ્તો સવારે ૧૦-૦૦ થી ૧૫-૦૦ સુધી એકમાર્ગીય રસ્તોસ અને સાંજે ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી દાંડી આટ થઇ એરૂ તરફ એકમાર્ગીય રસ્તોર તથા બંને સમયે ભારે વાહનો ઉપર - તિબંધ. અબ્રામાથી ઓંજલ થઇ દાંડી સભાસ્થાળ સુધી જતો રસ્તો સવારે ૧૦-૦૦ થી ૧૫-૦૦ સુધી એકમાર્ગીય રસ્તોસ અને સાંજે ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી દાંડી ઓંજલ થઇ અબ્રામાએકમાર્ગીય રસ્તો૦ તથા બંને સમયે ભારે વાહનો ઉપર -તિબંધ રહેશે. ઇંટાળવા ચાર રસ્તાસથી ગાંધીફાટક થઇ એરૂ ચાર રસ્તા સુધી જતો રસ્તોથ સવારે ૧૦-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી એકમાર્ગીય રસ્તોગ અને સાંજે ૧૭-૦૦ થી ૨૦-૦૦ કલાક સુધી એરૂ ચાર રસ્તાતથી ગાંધી ફાટક થઇ ઇંટાળવા ચાર રસ્તામ સુધી તથા બંને સમયે ભારે વાહનો ઉપર - તિબંધ રહેશે તેમજ એરૂ ચાર રસ્તુાથી દાંડી તરફ જતો અને આવતો બંને તરફના રસ્તા ઉપર ભારે વાહનો પર -તિબંધ ફરમાવ્યો છે. આ -વેશબંધી સરકારી વાહનો, ફરજ પરના વાહનો, ઇમરજન્સી વાહનો, ફાયર ફાઇટર, એમ્યુર્ગ લન્સા કાર્યક્રમમાં આવનાર એસ.ટી. બસો તથા મંજૂરી આપેલ - ોસેસન સાથેના વાહનોને લાગુ પડશે નહિ. એમ પોલીસ અધિક્ષક નવસારીની યાદી જણાવે છે.

વલસાડમાં ૮, નવસારીમાં ૧૦, સુરતમાં ૧૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન

તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડા થતા દક્ષિણ ગુજરાત કાતિલ ઠંડીમાં ઠુંઠવાયું

સુરત

જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષાના પગલે સમગ્ર ઉત્તર ભારતમાં રેકોર્ડબ્રેક ઠંડીના પગલે સમગ્રરાજ્યમાં શીતલહેર છવાઈ છે. દક્ષિણ ગુજરાત આજે સતત ચોથા દિવસે ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યું છે. તાપમાનનો પારો બે થી ત્રણ ડિગ્રી ગગડવાની સાથે આગામી બે દિવસ સુધી ઠંડા પવનની ગતિ વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી નોંધાયું છે. તરોજ ન્યુનત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં સવારથી જ ઉત્તર પૂર્વ દિશાથી કલાકના સરેરાશ ૧૦ થી ૧૫ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. ઠંડા પવન ફૂંકાવાની સાથે શહેરીજનોને દિવસ દરમિયાન પણ ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૦.૫ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૧.૧ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતીમ ાહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન તાપમાન ૮.૬ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૯.૧ ડિગ્રી નોંધાયું હતું.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે ઠંડીનો ચમકારો વધ્યો છે. શહેરીજનોને શીતલહેરના લીધે દિવસ દરમિયાન પણ ઠંડીનો ચમત્કારો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા વધુમાં આગાહી કરવામાં આવી છે કે, દક્ષિણ ગુજરાતમાં આગામી ૨ દિવસ સુધી પવનની ગતિ વધશે - ઉત્તર - પૂર્વ દિશાથી કલાકના ૩૫ થી ૪૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આમ આગામી બે દિવસ શીતલહેરની અસર વધુ વર્તાશે અને લોકોને ઠંડી તેમજ શીતલહેરથી બચવા માટે પૂરતા પ્રયાસો કરવા હવામાન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

સામાજિક મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે

કડોદરા નગરપાલિકામાં ૨.૧૯ કરોડના ખર્ચે સીસી રોડની કામગીરીનું ખાતમુહૂર્ત

રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી સીસી રોડનું નિર્માણ

કડોદરા

કડોદરા નગરમાં સરકારની ગ્રાન્ટ હેઠળ કડોદરા નગરપાલિકા દ્વારા કડોદરાની વિવિધ સોસાયટીમાં રૂ.૨.૧૯ કરોડના ખર્ચે બનાવાના સીસી રોડ કાર્યનું કેબીનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં નગરસેવકો તેમજ ભાજપના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે મળતી માહિતી અનુસાર કડોદરા નગરમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાન્ટ હેઠળ નગરપાલિકા દ્વારા કડોદરાની શ્રી નિવાસ, બાલાજી ગ્રીનસીટી, સમ્રાટ સોસાયટી, શાંતિનગર, પ્રિયંકા ગ્રીન સીટી, લક્ષ્મીનારાયણ ક્રિષ્નાનગર, બાલાજીનગર, અમૃતનગર, કલ્પતરૂ, મહાદેવ નગર, તથા સેજલ હોસ્પિટલથી હળપતિવાસ સુધીના આર.સી.સી. રોડ કુલ ૨.૧૯ કરોડના ખર્ચે બનાવાના છે. જેનું ખાતમુહૂર્ત કેબીનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું છે. તેમજ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત કડોદરા નગરપાલિકા દ્વારા લીલા અને ભુરા રંગની સૂકો અને ભીનો કચરો અલગ કરવા માટે ૩૦ હજાર નંગ કચરા પેટી આપી કાર્યક્રમનો શુબારંભ કરાવ્યો હતો. આ તકે નગરપાલિકાના પ્રમુખ સીમાદેવી ઠાકુર, સંગઠન પ્રમુખ દીપકભાઈ નાયક, કારોબારી અધ્યક્ષ અંકુરભાઈ દેસાઈ સહિત નગરસેવકો કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

વીટી ચોકસી લો કોલેજ દ્વારા ફેકલ્ટી ડેવલોપમેન્ટ કાર્યક્રમ

સુરત

તા.૨૪ જાન્યુઆરી ૨૦૧૯નાં રોજ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ અને સાર્વજનિક કોલેજ ઓફ લો દ્વારા કાર્યક્રમના અધ્યક્ષ અધિકારી એડવોકેટ પ્રદીપ જરીવાલાના કુશળ દિગ્દર્શન હેઠળ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ કાર્યક્રમનું આયોજન કરેલ, જેમાં ડૉ. જાગૃતિ પટેલ, ડૉ. વિક્રમ દેસાઈ, ડૉ. જયંત દેસાઈ અને ડૉ. મનીષા શુકલા દ્વારા એકેડેમિક સટાફ ઓરિએન્ટેશનને લગતી માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોની શૈક્ષણિક લાયકાતને વધુ ઉજાગર કરવાનો હતો.

પીએમ મોદી આજે દક્ષિણ ગુજરાતના પ્રવાસે, ઈન્ટરનેશનલ એરપોર્ટનું કરશે ઉદ્ઘાટન



સુરત

ભારતની આઝાદીમાં ગુજરાતના દાંડીનું અનોખું મહત્વ છે. નવસારીના ઐતિહાસિક દાંડી સ્થળ ખાતે કરોડો રૂપિયાના ખર્ચે નમક સત્યાગ્રહ સ્મારકને આવતીકાલે પીએમ મોદી દ્વારા ખુલ્લું મૂકવામાં આવશે. તેઓ તેને રાષ્ટ્રને અર્પણ કરી વિશ્વફલક પર મૂકશે. પીએમ મોદી આજે સુરતમાં પણ કેટલાક કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે તેઓ દક્ષિણ ગુજરાતમાં વિવિધ ચાર સ્થળોએ કાર્યક્રમમાં હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ તેમણે દાદરાનગર હવેલીમાં કેટલાક કામોનું લોકાર્પણ કર્યું હતું.

બપોરે દોઢ વાગ્યે સુરત એરપોર્ટ પર આવશે, જ્યાં ઈન્ટરનેશનલ એરપોર્ટનું શિલાન્યાસ કરશે અને શાહજહાં-સુરત ફ્લાઈટને ટેકઓફ કરાવશે. તેઓ સુરત લોકાર્પણ, શિલાન્યાસ કરશે. એરપોર્ટથી રામપુરા જશે. જ્યાં તેઓ વિનસ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. રામપુરાથી એરપોર્ટ પર આવીને બપોરે નવસારીના દાંડી ખાતે જશે. દાંડીમાં મહાત્મા ગાંધીના મ્યુઝિયમનું લોકાર્પણ કરશે.

સાંજે દાંડીથી ફરી સુરત ખાતે આવશે. . સુરતના ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાનાર ન્યુ ઈન્ડિયા યુથ કોક્લેવમાં હાજરી આપશે. જ્યાં તેઓ ૧૫૦૦૦ પ્રોફેશનલ સાથે સંવાદ કરશે. અહીં તેઓ રિવોલવિંગ સ્ટેજ પરથી લોકો સાથે વાતચીત કરશે. સાંજે સાડા સાત કલાકે સુરતથી દિલ્હી જવા રવાના થશે. દાંડીકૂચ દરમિયાન બાપુ સાથે જોડાયેલા ૮૧ આઝાદીના લડવૈયાઓની પ્રતિમાથી દાંડીયાત્રાને જીવંત બનાવવાનો પ્રયાસ કરાયો.

ગાંધીજી જે ૨૪ ગામમાં રોકાયા હતા તેની ઝાંખીરૂપે ગામના સ્મારક પણ મૂકાયા. ૧૫ એકરમાં તેને બનાવવામાં આવ્યું છે. સ્મારકની વચ્ચે ૫ એકરમાં વિશાળ સરોવર તૈયાર કરાયું છે. આ સરોવરમાં મીઠું પકવવામાં આવશે. . સરોવરની આજુબાજુ પાથ-વે બનાવાયા છે. પ્રવાસીઓ માટે અહીં કાફેટેરિયા, પાર્કિંગ, લાઈબ્રેરી, હોલ વગેરે જેવી સુવિધાઓ મૂકાઈ છે. ગાંધીબાપુની ૧૮ ફૂટની પંચધાતુની પ્રતિમા મૂકાઈ છે.

૪૦ મીટરનો ઊંચો ક્રિસ્ટલ ટાવર પણ ઉભો કરવામાં આવ્યો છે. જે ક્રિસ્ટલ ટાવર દીવાદાંડીનુ પણ કામ કરાયું છે. ટાવરની નીચે પંચધાતુની મહાત્મા ગાંધીજીની ૧૫ ફૂટ ઊંચી પ્રતિમા મૂકવામાં આવી છે. વિશાળ સોલાર પાર્ક બનાવાયો છે, જેમાં ૪૧ સોલાર ટ્રી લગાવવામાં આવ્યા છે. આ સોલાર ટ્રીઝ દ્વારા ઉત્પન્ન થનારી વીજળીનો સ્મારકમાં ઉપયોગ કરાશે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદૃઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અલ્પ શૌક્ષવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુસ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શકો Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્ અંશે સહાયરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા બાયોડાટાની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગતે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની ઉપરોક્ત રકમ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણા જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોદ્દેદાર પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેલ્ટ્રા ઉચ્ચ મેળવી આવક કમાવેલા પૈસામાંથી
(PLAN - A) માત્ર ૫૫૦/- (ફોટો જોડવી કરાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. પેતા માટે સાથે રાફ્રવાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B) લીજ ત્રણ વર્ષ માટે ૩૦૦૦/- (ફોટો જોડવી કરાવી) આપનો કોડ લીજ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો પેતા માટે સાથે રાફ્રવાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હમણાં કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સમીપે રહેવાની મજા આજવા ગ્રીન રીસોર્ટ AC/NON AC ROOMS
તદ્દન નવી રાઇડ્સ સાથે ફાસ્ટફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદે ડેડીયાપાડાના ખુપર બોરસાણ ગામે ધર્મપરિવર્તનની દેહેસત વ્યક્ત કરી,જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ધર્માંતરણ રોકવા રજુઆત



જો ધર્માંતરણના કાર્યક્રમ મામલે યોગ્ય કાર્યવાહી નહિ કરવામાં આવે તો જલદ આંદોલન કરવાની નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદની ચીમકી.

રાજપીપળા:નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ખુપર બોરસાણ ગામેં ધર્મપરિવર્તનની દેહસત નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિસદે વ્યક્ત કરી આવા કાર્યક્રમો રોકવા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.અને જો આવા કાર્યક્રમોને ડામવામા નહિ આવે અને યોગ્ય કાર્યવાહી નહિ કરવામાં આવે તો જલદ આંદોલનની ચીમકી નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદે આપી છે.

નર્મદા જિલ્લા વીએચપીના અધ્યક્ષ નિશીથ ટેલર,નર્મદા જિલ્લા બજરંગદળ સંયોજક પ્રજ્ઞેશ રામીએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ડેડીયાપાડા તાલુકાના ખુપર બોરસાણ ગામે પંચાયતની ગૌચર જમીનમાં આગામી ૧/૨/૨૦૧૯ થી ૬/૨/૨૦૧૯ સુધી ત્રીજુ વાર્ષિક પ્રકરિકરણ મહોત્સવના નામે ખ્રિસ્તીઓ દ્વારા આદિવાસી સમાજના હજારો લોકોનું ધર્માંતરણ થનાર છે.આ અગાઉ પણ બે વખત ધર્માંતરણ થયેલું છે,જે લોકોને જોતા આવનારા દિવસોમાં આજ પ્રકારે સમાજમાં ધર્મપરિવર્તન થશે તો દેશ અને આદિવાસી સમાજ માટે આતંકવાદીઓ કરતા પણ ખતરનાક સાબિત થશે.આ ગામમાં ભારતીય બંધારણ મુજબ કોઈ જ ખ્રિસ્તી ધર્મના લોકો નથી તે છતાં પણ ખુપર બોરસાણ ગામમાં ૨ ચર્ચ બાંધવામાં આવી છે. આદિવાસી સમાજના લોકોને ધર્મપરિવર્તન કરાવવાના ઉદ્દેશ્યથી આવી પ્રવૃતિઓ ચલાવાય છે.તો આ પ્રકારના કાર્યક્રમોને ડામી દઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે,જો કાર્યવાહી નહિ થાય તો નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ આગામી દિવસોમાં જલદ આંદોલન કરશે એવી ચીમકી પણ અપાઈ છે.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં કમાન્ડન્ટ કમ પ્રિન્સીપલશ્રી આર.પી.એફ. ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ, વલસાડના કર્મચારીઓના તાલીમના ભાગરૂપે તા.૩૦/૧/૨૦૧૯ ના રોજ સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઈપણ વ્યકિતને ઈજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કમલેશ બોર્ડરે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા ઉપર મનાઈ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

રાયોટિંગના ગુનામાં પાસના બે કાર્યકરોનો જામીન પર છુટકારો

બન્ને આરોપીની જામીન અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી

સુરત

અમરોલી પોલીસ મથકના રાયોટીંગ અને મારી નાખવાના પ્રયાસના ગુનામાં સંકળાયેલા પાસના બે કાર્યકર્તાઓની જામીન અરજીની સુનાવણી પૂરી થતાં અદાલતે બન્ને આરોપીઓને ૧૫-૧૫ હજારના જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન મોટા વરાછા ખાતે સનસાઈન ડોક્ટર હાઉસ પાસે એક યુવક પર એવી દહેશત રાખીને જાની લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ અને હાર્દિક પટેલ વિરુદ્ધ ફેસબૂક પર અભદ્ર ટીપ્પણી કરી હતી. અમરોલી પોલીસે આઈપીસી-૩૦૭ અને રાયોટીંગ મુજબનો ગુનો નોંધી પાસના બે કાર્યકર્તાઓ ચંદ્રેશ કાકડિયા અને સંદીપ ગોયલાનીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. લાજપોર જેલમાંથી તેઓએ એડવોકેટ વાળા દ્વારા એક જામીન અરજી કરવા રજૂ કરવામાં આવી હતી. જોકે, પોલીસે ગુનો સંબંધિત કોઈ મુદ્દો રીકવર કર્યો ન હતો.

ચોમાસામાં વધુ વરસાદ પડતા ૧૦ થી વધુ ગામોનો સંપર્ક તૂટી જતો હતો એ બ્રિજ હવે ઉંચો કરાશે



સાગબારાના પરોઢી થી અવાલીકુંડ માઈનોર બ્રિજ બે કરોડના ખર્ચે બનશે : મનસુખ વસાવા એ કર્યું ખાતમુહૂર્ત સાગબારામાં એક દિવસે ૪.૫૦ કરોડ ના કામોનું ખાત મુહર્ત કરવામાં આવ્યું : ૧૯૬૬ પછી નવી તાલુકા પંચાયત બનશે

રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા ખાતે ૪.૫૦ કરોડના ખર્ચે બે મોટા કામોના ખાત મુહૂર્ત ભરૂચ સાંસદ મનસુખ વસાવા ના હસ્તે કરવામાં આવ્યા આ બંને કામો એટલા અગત્યના છે કે દર ચોમાસામાં જે ડૂબાડૂબ બ્રિજ પર થી પાણી વહેતા અઠવાડિયા કે મહિના સુધી ૧૦ થી વધુ ગામોના સંપર્ક તૂટી જતા હતા એક ગામ બીજા ગામે જવા પી ઉતરે ની રાહ જોતો હતો આ જગ્યાએ હવે ૨ કરોડ ના ખર્ચે માઈનોર બ્રીજ બનશે, જયારે ભરૂચ જિલ્લામાં આ જિલ્લો હતો ત્યારે ૧૯૬૬ માં ભરૂચ જિલ્લા પંચાયત દ્વારા સાગબારા તાલુકા પંચાયત બનાવવામાં આવી હતી ત્યારે આજે ૫૪ વર્ષ બાદ જર્જરિત તાલુકા પંચાયતને તોડી હવે ૨.૪૦ કરોડ ના ખર્ચે નવી તાલુકા પંચાયત બનવવામાં આવી રહી છે. આ બંને કામોનું ખાત મુહર્ત ભરૂચ સાંસદ મનસુખ વસાવાના હસ્તે કરવામાં આવ્યું તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ દામુભાઈ વસાવા, પૂર્વ પ્રમુખ મનજીભાઈ વસાવા, યુવા મોર્ચા પ્રમુખ ચંદ્રકાન્ત લુહાર, કા.પા.ઈજનેર આર.ડી.ડામોર, ડેડીયાપાડાના ઈજનેર બાંધકામ અલ્પેશ ગામીત સહીત આગેવાનો હાજર રહ્યા હતા.

આ બાબતે મનસુખ વસાવા એ જણાવ્યું હતું કે આ બ્રિજની ખુબ જરૂર હતી રાજ્ય સરકારને રજૂઆતને પગલે આજે આ પરોઢી થી અવાલીકુંડ માઈનોર બ્રિજ બનશે જે ખુબ ઉંચો બનશે કે ગમે તેટલું પાણી ખાડીમાં આવશે તો પણ હવે નહિ ડૂબે અને લોકો જીવન જરૂરિયાતની વસ્તુ માટે અવરજવર કરી શકશે તમામ તાલુકાઓમાં તાલુકા પંચાયત નવી બની ગઈ છે હવે બાકીની સાગબારામાં નવું પંચાયત ભવન બનશે.આમ સરકાર તમામ લોકોનું વિચારે છે સૌનો સાથ સૌનો વિકાસ ના સૂત્રની સાથે કામ કરે છે.

ભરૂચની એક શાળાએ લોકોને સુરક્ષા અંગેની માહિતી આપતી પત્રિકાનું વિતરણ કર્યું



દેશના દરેક વ્યક્તિને પોલીસ કે નગરપાલિકા કે દેશની અન્ય સુરક્ષા સમાજાવી કે આપી શકે એ ઘણું મુશ્કેલ છે, માટે દરેક નાગરીકેમાં જાગૃતિ આવે તે હેતુસર FOR INDIA માં જોડાઈ અને જોડાવી સૌને સુરક્ષીત કરવા ઉન્નતિ શાળાના બાળકો દ્વારા પત્રિકા વહેંચી અપીલ કરી હતી.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભરૂચના નાગરિકોને જાગૃત કરવા વેઇક અપ ભરૂચ, એવર ટેક કરશો નહી. અકસ્માત ફ્રી ઈન્ડિયા માટે ટ્રાફિક સંબંધી જાગૃતિ, બહુમાળી મકાન(ટાવર) એપાર્ટમેન્ટ, બંગ્લોઝ, સોસાયટીના રહીશો માટે સાવચેતીના સૂચનો, વાહન ચોરી તથા વાહનમાંથી થતી ચોરી વિગેરે માટે શું સાવચેતી રાખવી તેમજ તેમ થાય તો પ્રથમ શું કરવું જેવી વિવિધ માહીતિ સભર એક પત્રિકા શહેરના તમામ નાગરીકોને વહેંચી સમજ આપી હતી. શાળાના વિદ્યાર્થીઓએ શક્તિનાથ,પાંચબત્તિ જેવા વિસ્તારોના જાહેર રોડ ઉપર આવતા જતા રાહદારી, દુકાનદારો, વાહન ચાલકોને પત્રિકાનું વિતરીત કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો જોડાયા હતા.

સ્પર્શ રકતપિત્ત જનજાગૃતિ અભિયાન અંગે બેઠક યોજાઇ

વલસાડ

વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સ્પર્શ લેપ્રેસી અવેરનેસ કેમ્પેઇન તા.૩૦/૧/૧૯ થી તા.૧૩/૨/૧૯ દરમિયાન યોજાનાર છે. જે અંગેના સુચારા આયોજન અંગે જિલ્લા કલેકટર સી.આર. ખરસાણની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા રકતપિત્ત અધિકારીશ્રી દ્વારા પ્રેઝેન્ટેશન દ્વારા જિલ્લાની રકતપિત્ત અંગેની માહિતી રજૂ કરી હતી. કલેકટર સી.આર. ખરસાણે સ્પર્શ લેપ્રેસી અવેરનેસ કેમ્પેઇન વધુ અસરકારક બનાવવા જિલ્લાના તમામ તાલુકાઓના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં રકતપિત્ત અંગે લોકોને જાણકારી આપવામાં આવે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.પી.દેસાઇ, ડૉ. રાજેશ પટેલ સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા

ગાંધી સ્મૃતિ રેલવે સ્ટેશન ફાટક પરથી અવર જવર થઈ શકશે

વડાપ્રધાનના કાર્યક્રમ સંદર્ભે પ્રતિબંધ ઉઠાવી લેવાયો

સુરત

તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ તથા મહાનુભાવો નવસારી જિલ્લાના જલાલપોર ખાતે દાંડી સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલના ઉદ્ધામુટન તથા જાહેરસભાના કાર્યક્રમમાં પધારનાર છે.

હાલ ગાંધી સ્મૃતિ રેલ્વે સ્ટેશન ફાટક ઉપર ઓવરબ્રિજનું કામકાજ કાર્યરત હોવાથી તમામ વાહનોના અવાગમન ઉપર પ્રતિબંધ જાહેર કર્યો છે. ઉકત મહાનુભાવોના પ્રવાસ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં જનમેદની દાંડી ખાતે ઉપસ્થીત રહેનાર હોય તેમજ કાયદો અને વ્યસવસ્થાંની કામગીરી માટે અવારનવાર દાંડી ખાતે ગાંધી સ્મૃીતિફાટક થઈ અવાગમન કરવામાં સરળતા રહે તે માટે તા.૨૮/૦૧/૧૯ થી તા.૩૦/૦૧/૧૯ દિન-૦૩ માટે ગાંધી સ્?મૃતિ રેલ્વે સ્ટેમશન ફાટક બંધ કરવાનું પ્રતિબંધાત્મક જાહેરનામાનો પ્રતિબંધ મુકત કરવા જાહેરનામું પ્રસિધ્ધ૦ કરવામાં આવ્યું છે તેમ પોલીસ અધિક્ષક નવસારી દ્વારા જણાવાયું છે.

દીપડાએ પાળેલા શ્વાનને ફાડી ખાતા ગ્રામજનોમાં ફફડાટ

વલસાડ

વલસાડ જિલ્લાના દુલસાડ ગામમાં ત્રાટકેલા દીપડાએ પાળેલા શ્વાનને ફાડી ખાધો હતો. ગામમાં હિંસક દીપડાની હાજરીને લઈને ગ્રામજનોમાં ભયની લાગણી ફેલાઈ છે. જે બાબતની જાણ વલસાડ વન વિભાગને કરાતા વન વિભાગ દ્વારા દિપડાને ઝબ્બે કરવા પાંજરૂ મુકવામાં આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે દુલસાડના પારસી ફળિયામાં રહેતા સુરેશભાઈ પટેલના પાળેલા શ્વાનનો દિપડાએ રવિવારે શિકાર કર્યા બાદ નજીકના મેદાનમાં લઈ જઈ ફાડી ખાધો હતો. ગામમાં દીપડો ફરી રહ્યો હોવાની જાણ થતાં જ લોકમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ગામના રહેવાશી ભરતસિંહ દોડિયાએ પણ તેમના ખેતર પાસે દીપડાને જોયો હતો. હિંસક દીપડાની હાજરી હોવાની વાતને પુષ્ટી મળી છે. જે બાબતે ગામના આગેવાને વનવિભાગને જાણ કરી હતી. જેના પગલે વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે મારણ સાથે પાંજરૂ ગોઠવવામાં આવ્યું છે.

For ALL SEASONS & ALL OCCASIONS

Treat Resort SILVASSA

24 acres of sheer luxury

Treat Water Park

A mind-blowing leisure spot

- 24 Acres Landscaped Gardens
- 194 Luxurious Rooms • Water Park
- Colorful Fountains • Wellness Spa
- Cricket/ Football Indoor Games
- Entertainment Programs
- 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.

: SURAT :

0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS

- સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
- વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
- લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
- સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
- લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
- સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
- લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
- એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
- હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
- શેતરંજી + આસન

શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો

''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

રાજપીપલા નગરપાલીકા વોર્ડ નંબર ૫ની પેટાચૂંટણીમાં કોંગ્રેસનો વિજય



રાજપીપળા પાલિકા પેટા ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી બેઠક છીનવી,પાલિકામાં કોંગ્રેસ-ભાજપ પાસે ૧૨-૧૨ બેઠકો,પ્રમુખ માટે કોઈ મહત્વના નિર્ણયો લેવો હવે આસાન નહીં.

રાજપીપળા:રાજપીપળા પાલિકા વોર્ડ ૫ માં ભાજપના ગીતાબેન વસાવાનું આદિજાતિનું પ્રમાણપત્ર બોગસ નીકળતા હાઈકોર્ટના આદેશ બાદ ભાજપના સભ્ય ગીતાબેન વસાવાનું સભ્યપદ રદ કરતો હુકમ કોર્ટે કર્યો હતો.બાદ વોર્ડ ૫ની એક બેઠક માટે ૨૬મી જાન્યુઆરીએ પેટા ચૂંટણી યોજાઈ હતી.ભાજપે વર્તમાન સદસ્ય ગીતા વસાવાના નવયુવાન પુત્રી હીનલ વસાવાને ટીકીટ આપી હતી,પરંતુ તેઓને જનતાએ નકારી કાઢી કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રિકા વસાવા પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો.કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રિકા વસાવાને ૧૩૪૧ મત તેમજ ભાજપના ઉમેદવાર હીનલ વસાવાને ૧૧૯૬ મત મળ્યા હતા.વોર્ડ નંબર ૫ રાજપીપળા નગરપાલીકાનો સૌથી મોટો વોર્ડ છે,જેમાં ૪૫૭૯ મતદારો પૈકી ૨૫૫૯ મતદારોએ આ પેટા ચૂંટણીમાં મતદાન કર્યું હતું.૫૫.૫૯% નીરસ મતદાન થતા મતોનાં ગણિતમાં ભાજપે હાર સહન કરવી પડી હતી.કોંગ્રેસે આ બેઠક ભાજપ પાસેથી છીનવી છે.આ પરિણામ બાદ ભાજપ માટે પાલીકાનો વહીવટ લોઢાના ચણા સમાન સાબિત થશે.૨૮ સદસ્યોની પાલિકામાં ભાજપના ૪ સદસ્યોના કથિત રાજીનામાં પ્રકરણ હાલ હાઈકોર્ટમાં છે.ત્યારે હાલની સભ્ય સંખ્યા ૨૪ છે તેમાં ભાજપ પાસે ૧૨ સભ્યો છે,કોંગ્રેસ પાસે આજની જીત બાદ ૧૨ સભ્યો થતા ટાઈ પડી છે.જેથી અને હવે પાલિકા પ્રમુખ માટે કોઈ મહત્વના નિર્ણયો લેવા આસાન નહી હોય.

રાજપીપળા પાલિકાની આ પેટા ચૂંટણીમાં ભાજપને પરિવારવાદને લીધે હારનો સામનો કરવો પડ્યો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.બીજું એ કે વર્ષોથી ભાજપમાં કામ કરતા કાર્યકરોને બાદ કરી રાજકારણમાં નવા નિશાળીયાને ટિકિટ આપતા જનતાએ પરિણામ રૂપે ભાજપને લપડાક મારી છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે પિતા મહેશ વસાવા,માતા ગીતા વસાવાના કોર્પોરેટર બન્યા બાદ પુત્રીને પણ ચૂંટણી મેદાનમાં ઉતારી હતી પરંતુ પુત્રી હીનલ વસાવાનું કોર્પોરેટર બનવાનું સપનું સાકાર થયું ન હતું.

૭૦ માં પ્રજાસત્તાક દિને નર્મદા ૧૦૮ ના કર્મચારીઓને એવોર્ડ



રાજપીપળા : ૨૬ જાન્યુઆરીએ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી ડેડીયાપાડા ખાતે કરવામાં આવી જેમાં નર્મદા ૧૦૮ ના શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મચારીઓને પ્રમાણપત્ર તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં ઈએમટી રિંકલબેન તડવીને સેવિયર એવોર્ડથી સન્માનિત કરાયા જયારે પાયલટ જયદીપસિંહ વાઘેલાને બેસ્ટ પાયલટ ના એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.સાથે મોબાઈલ હેલ્થ યુનિટ (સ્ટ્રૅ) ના મેડિકલ ઓફિસર ડૉ.હર્ષનાબેન વસાવાને પણ ગામડે ગામડે જઈ સારી મેડિકલ સેવા આપવા બદલની શ્રેષ્ઠ કામગીરી માટે પ્રમાણપત્ર અને શાલ ઓઢાઢી સન્માનિત કરવામાં આવ્યા હતા આમ નર્મદા જિલ્લા માં દર વર્ષે સારી સેવા આપનાર ૧૦૮ ની ટીમના કર્મચારીઓનું સન્માન કરવામાં આવે છે .

વાલિયાની ગ્રીનબેરી ફોઈલ્સ કંપનીમાં કરંટ લાગતા કામદારનું મોત

વાલિયા નજીક આવેલ ગ્રીનબેરી ફોઈલ્સ કંપનીમાં કરંટ લાગતા કામદારનું મોત નીપજ્યું હતું પોલીસ સુત્રીય માહિતી અનુસાર વાલિયા નજીક આવેલ ગ્રીનબેરી ફોઈલ્સ કંપનીમાં કામ કરતો અને મૂળ રાજસ્થાનના રહેવાસી ૨૬ વર્ષીય અજય ગોરને કંપનીમાં કામ કરતા સમયે કરંટ લાગ્યો હતો આથી તેને તાત્કાલિક સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જો કે તેને સારવાર મળે તે પહેલા જ તેનું કરુણ મોત નીપજ્યું હતું. બનાવ અંગે વાલિયા પોલીસે ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં આવેલા ભંગારના ગોડાઉનમાં આગ ભભૂકી

અંકલેશ્વરના રાજપીપળા રોડ સ્થીત શાંતિનગરના એક ભંગાર ના ગોડાઉનમાં અચાનક કોઈ કારણોસર આગ ભભૂકતા નાસભાગ મચી જવા પામી હતી.

ઘટનાની મળતી પ્રાથમિક વિગત અનુસાર અંકલેશ્વરના શાંતીનગર માં એક ભંગારના ગોડાઉનમાં એકાએક આગ ભભૂકવાની ઘટના સામે આવી છે. જેમાં જોત જોતામાં આગે વિકરાળ રૂપ લેતા ગોડાઉનમાં રહેલ પુઠ્ઠા અને કાચનો ભંગાર બળીને રાખ થઈ જવા પામ્યો હતો. આગ લાગ્યાની વાતે થયેલ નાસ ભાગના કારણે ગોડાઉન નજીક લોક્ટોળા એકત્રીત થયા હતા અને તેમણે આગ ઓલવવા પ્રયત્નો પણ હાથ ધર્યા હતા. આગની ઘટનાની જાણ અંકલેશ્વર ડીપીએમસીના ફાયર વિભાગને કરતાં ફાયર ટેન્ડર સાથે લાસ્કરો તાત્કાલિક શાંતીનગર ખાતે ઘસી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસ હાથ ધર્યા હતા.

રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસરની લાલ આંખ બાદ બાકી નાણાંની ચુકવણી

ટાઉનહોલની જગ્યાનું ૧.૧૦ લાખથી વધુનું બાકી ભાડું ભરપાઈ કરતો વેપારી
બાકી ભાડા માટે કડક શબ્દોમાં સૂચના આપતા તાત્કાલિક ૫૫ હજારની ભરાઈ બાદ આજે પૂરું બાકી ભાડું ચુકવાયું

રાજપીપળા:રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યાએ એક બાદ એક બાકી લેણાંની રકમ વસૂલવા માટે કવાયત શરુ કરતાજ પાલિકાના પૈસા દબાવી બેઠેલા લોકો દોડતા થયા હતા.

હાલમાંજ નગરપાલિકા શોપિંગ સેન્ટરની ૪૦ દુકાનોના લાખો રૂપિયાના બાકી ભાડા બાબતે અમિતભાઈ પંડ્યાએ લાલ આંખ કરતા તમામ દુકાનદારો દોડતા થયા હતા અને અમુકે બાકી પૈસા જમા પણ કર્યા ત્યારબાદ પાલિકાના ટાઉનહોલમાં આગળના ભાગે કપડાના સેલની દુકાનનુ ભાડું પણ ઘણા સમયથી બાકી હોવાનું સીઓ ના ધ્યાન પર આવતાજ એ વ્યક્તિને રૂબરૂ બોલાવી ચીફ ઓફિસરે કડક શબ્દોમાં સૂચના આપતા તાત્કાલિક બાકી ભાડા પેટે ૫૫ હજારની રકમ ભરપાઈ અને સીઓ આગળ કોઈ પગલાં ન લે એ માટે બાકી ભાડાના રૂપિયા તાત્કાલિક ભરવા આ વેપારી દોડતા થયા અને આજે બાકી ભાડું મળી કુલ રૂપિયા ૧,૧૦,૭૦૦ ચૂકતે કર્યા હતા આમ એક બાદ એક સ્થળ પર રૂબરૂ કે નોટિસ મારફતે કાયદા મુજબ કામ કરતા પાલિકાના નીડર ચીફ ઓફિસરે નગરપાલિકાનો ચાર્જ સંભળતાજ અમુકની ઊંઘ હરામ કરી નાખી દોડતા કરી દીધા હતા.જો આજ રીતે યોગ્ય વહીવટ હશે તો આવનારા દિવસોમાં પાલિકાના માથે આવેલું કરોડોનું દેવું ઘણું ઓછું થશે એમ લાગી રહ્યું છે.

આખરે...ગાંધીજીના પ્રપૌત્ર વધુને ગાંધી સ્મારક ભવનના ઉદ્ઘાટનનું મળ્યું આમંત્રણ

સુરત

આજે નવસારીના દાંડી ખાતે ગાંધી સ્મારકનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે. જો કે આ કાર્યક્રમમાં ગાંધીજીના પ્રપોત્રવધુ શિવાલક્ષ્મીને નિમંત્રણ આપવાનું જ સ્થાનિક વહીવટી તંત્ર અને ભાજપના નેતાઓ ભૂલી ગયા હતા.

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે સુરત અને નવસારીની મુલાકાતે છે. નવસારીના દાંડી ખાતે ૧૫૦ કરોડના ખર્ચે ગાંધી સ્મારકનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરવાના છે. આ કાર્યક્રમમાં ભાજપના નેતાઓ સહિત સ્વાતંત્ર્ય સેનાનીઓ પણ ઉપસ્થિત રહેવાના છે. જોકે, દુર્ભાગ્યપૂર્ણ વાત તો એ છે કે ગાંધીજીના પ્રપોત્ર વધુ શિવા લક્ષ્મી ગાંધીને સુરતનું વહીવટી તંત્ર અને ભાજપના નેતાઓ આમંત્રણ આપવાનું જ ભૂલી ગયા હતા.

જો કે આ બાબતને ભાજપના નેતાઓની ચૂક કહો કે પછી લાપરવાહી સામે આવી છે. કાર્યક્રમના એક દિવસ અગાઉ જ સુરતના વહીવટી તંત્રની આંખ ઉઘાડી પડતા ભારતીય જનતા પાર્ટીના સાંસદ સી.આર.પાટીલ જાતે નિમંત્રણ આપવા ગઈકાલે શિવાલક્ષ્મી ગાંધીને ભીમરાડ ખાતેના નિવાસસ્થાને પોહચ્યા હતા.

સાંસદ સી. આર.પાટીલે ગાંધીજીના પ્રપોત્રવધુ શિવા લક્ષ્મી ગાંધીને ગઈકાલે ભીમરાડ ખાતેના નિવાસસ્થાને મળવા પહોંચ્યા હતા.જ્યાં આજે નવસારી ખાતે ગાંધી સ્મારક ઉદઘાટન કાર્યક્રમમાં હાજર રહેવા ભાવપૂર્ણ નિમંત્રણ પાઠવ્યું છે.







